Registration of News Paper No. GUJGUJ/2015/65432
Pages: 8 Price : Rs. 3/- Annual Subscription : Rs. 800/-

Posting Licence No. RAJKOT / 678 / 2021-23,VALID UP TO 31-12-2023
posted at rajkot-RMS published & posting dt.-daily (evening)
Web: www.saurashtrakranti.com
Email ; saurashtrakranti@gmail.com




અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

# સૌરાષ્ટ્ર ક્રાંતી

સાંધ્ય દૈનિક

Year:7, Issue: 216 Dt.22-06-2022 (Wednesday)

તંત્રી, પ્રકાશક, મુદ્રક અને માલિક : ગઢવી અશોક મુળુભા, પ્રકાશન સ્થાન: 125, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ–360001

# મહારાષ્ટ્રના રાજકીય સંકટમાં નવો વળાંકઃ બાગીજૂથ સામે લાલઆંખ







## આજે સાંજે પાંચ વાગ્યા સુધીમાં બાગી ધારાસભ્યો બેઠકમાં ન આવે તો સભ્યપદેથી હટાવાશેઃ ઉદ્ધવ

**(એજન્સી સમાચાર)**

મુંબઈ, તા.૨૨

મહારાષ્ટ્રના રાજકારણમાં આજે દિવસભર જબરદસ્ત રાજકીય ગતિવિધિઓ અને તમામ સંબંધિત પક્ષોનાં નેતાઓ તથા ધારાસભ્યોની બેઠકોના ધમધમાટ વચ્ચે સમગ્ર રાજકીય સંકટમાં બપોર બાદ એકાએક નવો વળાંક આવ્યો હતો. ઉધ્ધવ ઠાકરે કેબિનેટની બેઠક મળ્યા બાદ શિવસેનાનાં તમામ બાગી ધારાસભ્યોને મુંબઈ પહોંચી જવાનો આદેશ અપાયો છે. આજે સાંજે પાંચ વાગ્યે મુખ્યમંત્રી ઉધ્ધવ ઠાકરેએ શિવસેનાનાં બળવાખોર સહિતનાં તમામ ધારાસભ્યોની ફરજીયાત બેઠક બોલાવી છે અને ચેતવણી આપવામાં આવી છે કે, જો ધારાસભ્યો આજની બેઠકમાં હાજરી નહીં આપે તો એમનું વિધાન સભ્યપદ રદ કરવામાં આવશે. આ રીતે આખા મામલાએ જબરો વળાંક લઇ લીધો છે. ઉધ્ધવ ઠાકરે પણ આજે કોરોના ગ્રસ્ત થઈ જતા હોમ આઈસોલેટ થયા હતા. સવારે ગવર્નર ભગતસિંહ કોશિયારી પણ કોરોના ગ્રસ્ત થતા અન્ય રાજ્યનાં

## આજે મુંબઈમાં શિવસેનાના તમામ ધારાસભ્યોની ફરજીયાત બેઠક બોલવવાનો ઉધ્ધવ ઠાકરે કેબિનેટનો મહત્વનો નિર્ણયઃ પક્ષનાં સભ્યો સામે વ્હીપ જાહેર

ગવર્નરને ચાર્જ સોંપાયો છે. આજે અચાનક કોંગ્રેસે મહારાષ્ટ્રનાં મામલાને સંભાળવા કમલનાથને મુંબઈ દોડાવ્યા છે. કમલનાથે આવતા વેત મુખ્યમંત્રી સાથે વાતચીત કરી હતી. કોંગ્રેસનાં ધારાસભ્યોની પણ બેઠક યોજાઈ હતી. બાદમાં મુખ્યમંત્રી કોરોનાગ્રસ્ત થયાની જાહેરાત પણ કમલનાથે જ કરી હતી.

આજે દિવસભરનાં ઘટનાક્રમ પર નજર કરીએ તો ધારાસભ્ય નીતિન દેશમુખનું ઉધ્ધવ છાવણીમાં

(અનુ.પાના નં.૪ ઉપર)

## સુરતમાં મને મારવાનું ષડયંત્રઃ નીતિન દેશમુખ

### બાગીજૂથમાંથી છટકીને નાગપુર પહોંચેલા ધારાસભ્યના સુરત પોલીસ પર ગંભીર આક્ષેપો



**(એજન્સી સમાચાર)**

મુંબઈ, તા.૨૨

મહારાષ્ટ્રનાં ડહોળાયેલા અને અફરાતફરી ભર્યા રાજકારણમાં અવનવા વળાંક આવી રહ્યા છે. સુરતમાં બાગીજૂથ સાથે આવેલા એક ધારાસભ્ય નીતિન દેશમુખ એકાએક સુરતથી ભાગીને બાગીજૂથમાંથી છટકી નાગપુર પહોંચી જતા આખા મામલામાં નવો વળાંક આવ્યો છે. આ ધારાસભ્ય નીતિન દેશમુખે સુરત પોલીસ પર ગંભીર આક્ષેપો કરતા ખળભળાટ મચી ગયો છે.

(અનુ.પાના નં.૪ ઉપર)



### ૬.૧ ની તિવ્રતાના ભૂકંપથી સર્જાઈ ભયંકર તારાજી

## અફઘાનિસ્તાનમાં ભયાનક ભૂકંપ, ૨૦૦ થી વધુના મોત

### ભૂકંપનું કેન્દ્રબિંદુ ખોસ્ત શહેરથી ૪૪ કિમી દૂર પાકિસ્તાનની સરહદ પાસે હોવાનું નોંધાયું

**(એજન્સી સમાચાર)**

કાબુલ, તા.૨૨

અફઘાનિસ્તાનમાં બુધવારે વહેલી સવારે ભયાનક ભૂકંપના આંચકા લાગતા ૨૦૦ થી વધુ લોકો માર્યા ગયા હોવાના અહેવાલો મળી રહ્યા છે અને ૨૫૦ થી વધુ લોકો ઘાયલ થયા છે. ખોસ્ત, પક્તિયા જેવા અનેક શહેરો કાટમાળમાં તબદીલ થઇ જતા તારાજી અને વિનાશના અકલ્પનિય દ્રશ્યોની વણઝાર સર્જાઈ છે. મૃત્યુ આંક હજુ વધે તેવી ભીતિ સેવાઈ રહી છે. ભૂકંપની તિવ્રતા ૬.૧ ની હોવાનું નોંધાયું છે. જેના કારણે ચારેતરફ તબાહી મચી ગઈ છે. પાકિસ્તાનના પણ અનેક શહેરોમાં ભૂકંપના ઝટકા લગતા લોકોમાં ગભરાટ ફેલાયો છે અને લોકો ઘરની બહાર દોડી ગયા હતા. નુકશાની અને જાનહાનીના અહેવાલ હજુ મળ્યા નથી.

અફઘાનિસ્તાનમાં વહેલી સવારે ધરતીકંપથી ચારેતરફ દોડધામ મચી ગઈ હતી. સેંકડો મકાનો પતાના મહેલની જેમ ધરાશાયી થઇ ગયા હતા. અમેરિકી જીયોલોજીકલ સર્વેના જણાવ્યા મુજબ, ભૂકંપનું કેન્દ્રબિંદુ ખોસ્ત શહેરથી ૪૪ કિમી દૂર પાકિસ્તાનની સરહદ પાસે હોવાનું નોંધાયું હતું. કેન્દ્રબિંદુ ૫૧ કિમી ઊંડાઈમાં હતું. પરંતુ ભૂકંપની તિવ્રતા ખૂબ વધુ હોવાથી પાકિસ્તાન અને અફઘાનિસ્તાનમાં ધરતી ધણધણી ઉઠી હતી. અફઘાન મીડિયામાં પ્રગટ થયેલી તસ્વીરોએ વિશ્વભરમાં અરેરાટી પ્રસરાવી દીધી છે. અનેક શહેરો અને ગામો કાટમાળ બની ગયા છે અને મોતનું તાંડવ સર્જાયું છે.

તાલીબાન સરકારનાં કુદરતી આપતિ મંત્રાલયનાં વડા મહોમ્મદ નસીમ હક્કાનીએ જણાવ્યું હતું કે, દેશના પક્તિયા પ્રાંતમાં સૌથી વધુ જાનહાની થઇ છે. ત્યાં ૧૦૦ થી વધુ લોકો માર્યા ગયા છે અને ૨૫૦ થી વધુ ઘાયલ થયા છે. ખોસ્ત પ્રાંતમાં ૨૫ માનવીનાં મોત થયા છે. જયારે નંગરહાર પ્રાંતમાં પાંચનાં મોત થયાનું અત્યારે નોંધાયું છે. રાહત અને બચાવની કામગીરી યુધ્ધનાં ધોરણે ચાલી રહી છે. કાટમાળ હેઠળ દબાયેલા લોકોનો બહાર

(અનુ.પાના નં.૪ ઉપર)

## દક્ષિણ ગુજરાતમાં ૨૪ થી ૨૬ જૂન ભારે વરસાદની આગાહી

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨૨

સૌરાષ્ટ્ર અને ગુજરાતમાં ધારણા મુજબ ચોમાસાએ હજુ જોર પકડ્યું નથી અને છૂટો છવાયો વરસાદ નોંધાઈ રહ્યો છે. એવામાં નવી આશા જાગી છે. આવતી તા.૨૪ થી ૨૬ જૂન સુધી દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદ થવાની હવામાન ખાતાએ આગાહી કરી છે. અમદાવાદ અને ગાંધીનગરમાં છુટાછવાયા વરસાદની શક્યતા છે.

સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં છૂટોછવાયો વરસાદ થઇ રહ્યો છે પણ હજુ ચોમાસાએ ગતિ પકડી નથી અને મેઘરાજા પૂરી તાકાત સાથે આગમન કરે

**છેલ્લા ૨૪ કલાકમાં 30 તાલુકાઓમાં વરસાદ છતાં હજુ સીઝનનો માત્ર ૪ ટકા વરસાદ થયો**

એવી લોકો આશા રાખીને બેઠા છે. હવામાન ખાતાએ આગાહી કરી છે કે, ૨૪ થી ૨૬ જૂન સુધી વલસાડ, નવસારી, ડાંગ, વાપી, સુરત વગેરે વિસ્તારોમાં ભારે વરસાદ ખાબકી શકે છે. ઉતર ગુજરાત અને કચ્છમાં સામાન્ય વરસાદ પડે તેવી શક્યતા છે. ૨૪ મીએ તોફાની પવન સાથે

(અનુ.પાના નં.૪ ઉપર)

# વડોદરામાંથી ત્રણ બાળકો ભેદી રીતે લાપતાઃ પોલીસ તંત્રમાં દોડધામ

### પંડ્યા બ્રિજની નીચે રમતા બાળકો ગુમ થતા ચારેતરફ શોધખોળઃ શહેરભરના સીસીટીવી કેમેરાના ફૂટેજની ઊંડી ચકાસણી શરૂ કરતી પોલીસ

**(એજન્સી સમાચાર)**

વડોદરા, તા.૨૨

ગુજરાતમાં છેલ્લા કેટલાય વર્ષોથી બાળકો ગુમ થવાની ઘટનાઓ નિરંતર પોલીસ ચોપડે નોંધાતી રહે છે. ઘણા કિસ્સામાં બાળકોને શોધી લાવવામાં સફળતા મળે છે પણ હજુ આવા સેંકડો બાળકોનો કોઈ અતોપતો મળ્યો નથી. આવી વધુ એક ઘટનાથી રાજ્યભરમાં સનસનાટી પ્રસરી છે. વડોદરામાં આજે ત્રણ બાળકો એકાએક ભેદી રીતે લાપતા થઇ ગયા છે. તેના પગલે પોલીસ તંત્રમાં દોડધામ મચી ગઈ છે.

પોલીસ સુત્રોએ જણાવ્યા અનુસાર વડોદરાના ફતેહગંજ વિસ્તારમાં પંડ્યા બ્રિજની નીચે રમી રહેલા બાળકો એકાએક ગુમ થઇ ગયાની ફરિયાદ વાલીઓએ નોંધાવી છે. પોલીસે તાકીદે તપાસ શરૂ કરી સીસીટીવીના ફૂટેજ જોતા છેલ્લે પંડ્યા બ્રિજ પર ત્રણેય બાળકો નજરે પડ્યા હતા. આ ઘટનાએ સમગ્ર વડોદરા મહાનગરમાં ભારે સનસનાટી ફેલાવી દીધી છે અને વાલીવર્ગમાં ચિંતાનું મોજું પ્રસરી વળ્યું છે.

પોલીસે મહાનગરની બહાર જતા તમામ માર્ગો અને શહેરનાં મુખ્ય રસ્તાઓના સીસીટીવી ફૂટેજની યુધ્ધના ધોરણે ચકાસણી શરૂ કરી છે. બાળકોનું અપહરણ થયાની શંકા સેવાઈ રહી છે. કોઈ ગુનાખોર ટોળકી ફરીથી ગુજરાતમાં સક્રિય બની હોય તેવી ભીતિ છે. પોલીસ યુધ્ધના ધોરણે તાકીદે ઊંડી તપાસ કરે અને બાળકોને ઉગારી લ્યે એવી પ્રચંડ લોકમાંગણી ઉઠી છે.(૨.૧૨)

# અમદાવાદ સિવિલ હોસ્પિટલના હડતાલિયા તબીબોને હોસ્ટેલ ખાલી કરવા આદેશ

**(એજન્સી સમાચાર)**

અમદાવાદ, તા.૨૨

અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં સિનિયર અને જુનિયર તબીબોની હડતાલ આજે આઠમાં દિવસમાં પ્રવેશી છે અને કોઈ ઉકેલ નજરે ચડતો નથી. પરિણામે હજારો દર્દીઓ અસહ્ય હાડમારીમાં મુકાઇ જવા પામ્યા છે. આરોગ્ય વિભાગે હવે લાલઆંખ કરી હોય એવું દેખાઈ છે. આજે તબીબોને હોસ્ટેલ ખાલી કરી દેવા નોટીસ ફટકારવામાં આવી છે.

આરોગ્ય વિભાગનાં નિયામક દ્વારા ૯૦૦ જેટલા સિનિયર અને જુનિયર તબીબોને આજે જ હોસ્ટેલ ખાલી કરી દેવા આદેશ અપાયો છે. તેના પગલે તબીબોમાં રોષ ફેલાયો છે. હવે તબીબોએ બીજે મેડીકલ કોલેજમાં

### સતત ચાલી રહેલી જુનિયર–સિનિયર તબીબોની હડતાલથી દર્દીઓને અસહ્ય હાડમારી

ધામા નાખીને રહેવાનું નક્કી કર્યું છે તેમ જાણવા મળ્યું છે.

હડતાલનો અંત લાવીને ફરજ પર પાછા ફરવાની રાજ્યનાં આરોગ્ય ખાતાએ તબીબોને વારંવાર ચેતવણી આપી છે. પરંતુ હડતાલનો અંત આવ્યો નથી અને તબીબો સરકારની ચેતવણીને અવગણી રહ્યા છે અને હડતાલ ચાલુ રાખી છે. આટલી મોટી સરકારી હોસ્પિટલમાં તબીબી હડતાલને કારણે દર્દીઓની હાલત બહુ ખરાબ થઇ જવા પામી છે. સમયસર સારવાર મળી રહી નથી. ગંભીર પ્રકારના ઓપરેશન પણ થઇ શક્યા નથી. પરિણામે સિવિલમાં અફરાતફરી મચી ગઈ છે. સરકાર દર્દીઓ ખાતર કોઈ વૈકલ્પિક વ્યવસ્થા પણ કરી શકી નથી. જેના કારણે દર્દીઓ અને પરિવારજનોમાં ભારે ઉહાપોહ મચી ગયો છે.(૨.૧૨)

## દેશના પહેલા આદિવાસી રાષ્ટ્રપતિ બનશે દ્રૌપદી મુર્મુ

### એનડીએ સરકારે ઓરિસ્સાનાં દ્રૌપદી મુર્મુને રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર જાહેર કર્યા



**(એજન્સી સમાચાર)**

નવી દિલ્હી, તા.૨૨

ફરી એકવખત વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર તરીકે કોઈએ કલ્પના ન કરી હોય એમ નામ જાહેર કરીને બીજીવખત દેશને આશ્ચર્યનો આંચકો આપ્યો છે. ઓરિસ્સાના જાણીતા મહિલા નેતા આદિવાસી પરિવારનાં દ્રૌપદી મુર્મુને એનડીએ સરકારે રાષ્ટ્રપતિ પદનાં ઉમેદવાર તરીકે જાહેર કર્યા છે. આથી હવે પછી રાષ્ટ્રપતિ ભવનમાં આ સંઘર્ષરત મહિલા રાજકારણી નેતા ગૌરવ સાથે બિરાજમાન થશે એ નિશ્ચિત મનાઈ છે. ડો.એપીજે અબ્દુલ કલામ પછી એનડીએની આ બીજી શ્રેષ્ઠ પસંદગી માનવામાં આવે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે, દ્રોપદી મુર્મુ દેશના એક મહાન રાષ્ટ્રપતિ બની રહેશે.

ગઈકાલે ભાજપ સંસદીય બોર્ડની એક ખાસ બેઠકમાં એનડીએનાં રાષ્ટ્રપતિ પદનાં ઉમેદવાર તરીકે ઓરિસ્સાના આદિવાસી મહિલા નેતા દ્રૌપદીની પસંદગી જાહેર કરવામાં આવી હતી અને તમામ રાજકીય ધારણાઓ અને અટકળો પર પૂર્ણવિરામ મૂકી દેવામાં આવ્યું હતું. દ્રૌપદી

(અનુ.પાના નં.૪ ઉપર)

## ગુજરાતની શિક્ષણ વ્યવસ્થાથી હાઈકોર્ટ ખુશ

### વડી અદાલતના અવલોકનોને આવકારતા રાજયના શિક્ષણમંત્રી

**(એજન્સી સમાચાર)**

ગાંધીનગર, તા.૨૨

ગુજરાત હાઈકોર્ટના વડા ન્યાયમૂર્તિ અરવિંદ કુમારની સિનિયર બેન્ચે રાજ્યની પ્રાથમિક શાળાઓનાં બિલ્ડીંગ સહિતની ઈન્ફ્રાસ્ટ્રકચર સુવિધાઓ બાબતે સર્વગ્રાહી અવલોકન કરીને સરકારની કામગીરી અને શિક્ષણ સ્થિતિ અંગે સંતોષ વ્યકત કરતા ગુજરાત સરકાર ખૂબ જ ઉત્સાહમાં આવી ગઈ છે. શિક્ષણમંત્રી જીતુ વાઘાણીએ હાઈકોર્ટના આવલોકનને આવકાર આપી જણાવ્યું છે કે, રાજ્યના શિક્ષણ વિભાગ માટે આ ગૌરવપૂર્ણ બાબત છે.

છોટા ઉદેપુર તાલુકાના વાગલવાડા ગામની સરકારી પ્રાથમિક શાળામાં મકાનના અભાવે વિદ્યાર્થીઓને ખુલ્લામાં અભ્યાસ કરવો પડે છે. એ અંગેનાં અખબારી અહેવાલ બાબત ગુજરાત હાઈકોર્ટે સુઓમોટો પ્રક્રિયા હાથ ધરી રાજ્યનાં શિક્ષણ વિભાગ પાસેથી વિગતો માંગી હતી.

શિક્ષણમંત્રી વાઘાણીએ જણાવ્યું હતું કે, પ્રાથમિક શિક્ષણની રાજ્ય વ્યાપી સ્થિતિનું સંપૂર્ણ ચિત્ર એડવોકેટ જનરલ કમલભાઈ ત્રિવેદી

(અનુ.પાના નં.૪ ઉપર)

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

સૌરાષ્ટ્ર ક્રાંતી

સાંધ્ય દૈનિક



સૌરાષ્ટ્ર ક્રાંતી છેલ્લા છ વર્ષથી આપને અવનવા સમાચારોથી અપડેટ રાખે છે. નિષ્પક્ષ પત્રકારત્વની અલગ ઓળખ ઉભી કરવા કાયમ પ્રયત્નશીલ છે અમારા દ્વારા ડિજીટલ માધ્યમથી આપને સમાચારપત્ર પહોંચાડવામાં આવે છે. એક દિવસના એક રૂપિયાના અનુદાન દ્વારા આપ નિષ્પક્ષ પત્રકારત્વને જીવંત રાખી દેશની ચોથી જાગીર ને મજબુત બનાવવા નિમીત બનશો નીચે આપેલ લીંક પર ક્લીક કરીને સબસ્ક્રાઈબ કરો

http://www.saurashtrakranti.com/subscribe/

સૌરાષ્ટ્ર તેમજ દક્ષીણ ગુજરાતનાં સમાચારો મેળવવા માટે આજે જ તમારા મોબાઈલમાં અમારી Sk News એપ્લિકેશન ઈન્સ્ટોલ કરો.. તેમજ સૌરાષ્ટ્ર ક્રાંતી ન્યૂઝ પેપરની વેબસાઈટ પર જઈને પણ ન્યૂઝ મેળવી શકો છો.

GET IT ON Google Play | SK NEWS | સૌરાષ્ટ્ર ક્રાંતિ NEWS

www.saurashtrakranti.com

# મોભો એ જ, માધ્યમ નવું

## યુ ટ્યુબના માધ્યમથી સૌરાષ્ટ્ર ક્રાંતી આપશે આપની સમસ્યાને વાચા




આજે જ સૌરાષ્ટ્ર ક્રાંતીની યુ ટ્યુબ ચેનલને સબસ્ક્રાઈબ કરો અને સમાચાર મેળવો

SUBSCRIBE TO OUR CHANNEL
SAURASHTRA KRANTI

@saurashtrakranti/ saurashtrakrant
SAURASHTRAKRANTI SAURASHTRAKRANTI

Web: www.saurashtrakranti.com

સૌરાષ્ટ્ર ક્રાંતિ સાંધ્ય દૈનિક

## WhatsApp કરો
### તમારા ન્યુઝને

'સૌરાષ્ટ્ર ક્રાંતિ'માં જર્નાલિસ્ટ બની તમે પણ ગર્વ અનુભવો

તમારી આસપાસ બનતી કોઇ પણ ઘટના,સમાચાર,સમસ્યા કે તસ્વીરોને અમારા સુધી પહોંચાડો.

કોઈપણ ઘટના કે સમાચારની વિગત

93276 28571 ઉપર Whats App કરો

email: saurashtrakranti@gmail.com
web: www.saurashtrakranti.com

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

સૌરાષ્ટ્ર ક્રાંતિ સાંધ્ય દૈનિક

# ક્લાસિફાઈડ

પ્રોપર્ટી, લગ્ન, નોકરી, શૌક્ષણીક, ઔષધ,યાત્રાપ્રવાસ, ધંધાદારી, વ્યવસાયલક્ષી, વાહનબજાર

જાહેરાત માટે સંપર્ક કરો:
90333 44426




આ પેજ પર આપની જાહેરાત નજીવા દરે આપવા માટે
94097 57062 પર ફોન કરો અથવા મેસેજ કરો.

# ઓનલાઇન આઇડી પર જુગાર રમતા પંટરો પકડાય છે, બુકીઓને કોની ઢાલ...?





**પોલીસ માત્ર પંટરોને જ પકડીને સંતોષ માનવાનું બંધ કરી બુકીઓના નામ ખોલી રહી છે પણ તેના કોલર સુધી હાથ પહોંચે તે જરૂરી**

### શ્રીલંકા અને ઓસ્ટ્રેલિયા વચ્ચેના મેચ પર સોદા નાંખી સટ્ટો રમતો દિનેશ ઝડપાયો

## આઇડી ચેક કરતા ૧૦ લાખની બેલેન્સ હોવાનું જાણી પોલીસ અધિકારી પણ ચોંકી ઊઠ્યા?

**કોની પાસેથી આઇડી લીધું હતું તે દિશામાં તપાસ થશે??**



શહેરના આનંદનગર જૈન દેરાસર પાસે આવેલી ઓફિસ ધરાવતા વેપારી નરેશ જીલુભાઇ બાંભવા ક્રિકેટ સટ્ટો રમતો હોવાની પોલીસને માહિતી મળી હતી. જેના આધારે પોલીસ ટીમ તુરંત ત્યાં દોડી જઇ ઓફિસમાં દરોડો પાડ્યો હતો. પોલીસે તેનો મોબાઇલ ચેક કરવા આઇડી, પાસવર્ડ માગી સટ્ટાની ઓનલાઇન સાઇટ ખોલી હતી. જેમાં નરેશ બાંભવા શ્રીલંકા અને ઓસ્ટ્રેલિયા વચ્ચેના મેચ પર સોદા નાંખી સટ્ટો રમતો હતો. વિશેષ તપાસ કરતા નરેશ બાંભવા અગાઉ ભારત-આફ્રિકા વચ્ચેના મેચ પર પણ સટ્ટો રમ્યો હોવાનું જાણવા મળ્યું હતું. જ્યારે પોલીસે ઓનલાઇન વેબસાઇટ ચેક કરતા નરેશ બાંભવાના એકાઉન્ટ સ્ટેટમેન્ટમાં રૂ.૧૦ લાખની બેલેન્સ હોવાનું જાણી પોલીસ અધિકારી પણ ચોંકી ઊઠ્યા હતા.તેમ ચર્ચાઇ રહ્યું છે.

## હજુ સુધી એક પણ મોટા બુકીને પકડી શકાયો નથી! કારણ અંકબધ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨૨

રાજકોટ સહિત રાજ્યભરમાં હજુ પણ નામચીન બુકીઓએ પોતાનું નેટવર્ક બનાવેલું છે. ઉપરાંત રાજકોટે ક્યારેય જેની કલ્પના કરી નહોતી તેવા તોડકાંડ અને દારૂકાંડે બે મહિનાની અંદર પોલીસની સાથે સાથે શહેરને પણ બદનામ કરી દીધું છે. જો કે આ ઘટનાઓ બન્યા બાદ ઉચ્ચ અધિકારીઓ પોલીસ તંત્રમાં આમૂલ પરિવર્તન આણવા માટે મથામણ પણ કરી રહ્યા છે. આઇપીએલ તો પુર્ણ થઇ ગયો પણ બાકીના રમાતા મેચોમાં ક્રિકેટરસિકોનો રોમાંચમાં પણ તોતિંગ વધારો થઈ રહ્યો છે. જો કે કંઈ ટીમ જીતે અને કંઈ ટીમ હારે છે તેમાં રસ ન રાખી તેના પર પૈસા કમાઈ લેવાની લ્હાય ધરાવતાં સટોડિયા પણ એટલી જ હદે કાર્યરત થઈ ગયા છે.

છેલ્લા ઘણા સમયથી સટ્ટા નેટવર્ક ઉપર પોલીસની કામગીરી જોતાં એવો સવાલ ઉઠ્યા વગર રહેતો જ નથી કે શું રાજકોટમાં ક્રિકેટ સટ્ટો બંધ થઈ ગયો છે કે પછી પોલીસ ઢીલી પડી ગઈ છે ? આ સવાલ એટલા માટે ઉઠવો વ્યાજબી છે કેમ કે શહેરમાં સટ્ટો રમાય છે વધુ તેની સામે બુકીઓ અને પંટરો

### બુકીનો બેતાજ બાદશાહ પકડાયી ગયો, ગણતરીની કલાકોમાં છુટી પણ ગયો હોવાની ચર્ચા

થોડા સમય પહેલાં જ એક મહત્ત્વની બ્રાન્ચે આઈડી પર સટ્ટો રમતાં એક પંટરની ધરપકડ કરી હતી. પંન્ટરોએ બુકીનું નામ ખાસ બ્રાન્ચને આપી દીધુ હતું અને આઇડી આ જ બુકીએ આપ્યું હોવાની કબૂલાત આપતાં પોલીસે આરોપી તરીકે તે બુકીનું નામ પણ ખોલી તેની શોધખોળ શરૂ કરી હતી. પોતાનું નામ ખુલ્યાની જાણ થતાં જ કુખ્યાત બુકી ભોંભીતર થઈ ગયો હતો. જો કે પોલીસની ભાગવું બહુ કપરૂં બની જતાં તેણે સામેથી જ રજૂ થઈ જવાનું નક્કી કરી તે મહત્ત્વની બ્રાન્ચ સમક્ષ રાત્રિના સમયે રજૂ થઈ ગયો હતો. આ પછી એવી સંભાવના હતી કે વોન્ટેડ બુકીની ધરપકડ કરીને પોલીસ અલગ દાખલો બેસાડશે પરંતુ બધું ઊલટું થયું હતું અને બુકીની ધરપકડ તો દૂર રહી તે અડધા કલાક જેવા જ ટૂંકા સમયમાં સઘળી પતાવટ કરીને પોતાની જ ગાડીમાં રવાના પણ થઈ ગયો હતો !! તેવી ચર્ચાએ જોર પકડયું છે. વળી ચર્ચા તો એવી પણ ચાલી રહી છે કે પોલીસે અડધા કલાકની જ અંદર બુકીને જવા દેવા માટે લાખેણો વહીવટ પણ કરી લીધો હોઈ શકે છે. પછી જો કોઇ બીજી વાતે સેટીંગ થયું હશે તેવી પણ લોકોમાં વાત વહેતી થઇ હતી.

## પો.કમિશનરે બુકીઓનું લીસ્ટ મંગાવી તપાસ જરૂરી

આંગળીના વેઢે ગણી શકાય તેટલા જ પકડાઈ રહ્યા છે !! તેમા રાજકોટ સહિત સૌરાષ્ટ્રભરમાં દબદબો કરી બેઠેલા બુકીના પંટરો પકડાય છે પણ બુકીઓને કોઇની ઢાલ મળી જાય છે. બુકીઓ આઇડીમાં પણ કરોડોનો વહીવટ કરવામાં આવતા હોવાથી વાત પણ જાહેર હોવા છતાં પોલીસ તેનો વાળ વાકોં કરી શકી તેમ નથી. એવી પણ ચર્ચાઓ થાય છે બીજી બાજુ બુકીબજારમાં સંભળાતી વિગતો પ્રમાણે પોલીસની ધોંસને કારણે ટેલિફોનથી ચાલતો સટ્ટો ઘણો ઘટી ગયો છે અને ક્યાંક ક્યાંક ચાલી રહ્યો છે તે પણ ભારે ડર વચ્ચે રમાઈ રહ્યો છે પરંતુ આઈડી થકી સટ્ટો ખેલવાનું હજુ પણ ધમધોકાર ચાલી રહ્યું છે.

પોલીસના માનીતા બુકીઓ હોવાથી તેનો પંટર કે તે હાથમાં આવતો નથી અને પોલીસ પણ અનેક વખત પંટરોને પકડે છે પણ ઉપરના બુકીના નામ ખુલ્લા પાડી શકતી નથી હવે તેમાં તેની શું મજબુરી હોય તે તો હવે તે જ જાણે તેવી ચર્ચાઓ પણ થઇ રહી છે. આગામી દિવસોમાં જો અહીંની લોકલ પોલીસ કાર્યવાહી નહીં કરે અને જો સ્ટેટ વિજલન્સની ટીમને તેની ગંધ આવશે અને ઓંચિતાની રેડ પાડી બુકીઓને ઝડપશે તો ફરી પાછી પોલીસની આબરૂ જશે તે વાતમાં કોઇ શંકા ગણી શકાય નહીં! હજુ પોલીસ પાસે તક છે અને પોલીસ જ જાણે જ છે કે ક્યો બુકી ક્યાં છે અને શું કામ કરે છે તો તેને અટકાવવો પણ સહેલો જ છે તો પુરી નિષ્ઠા સાથે પોલીસે કામગીરી કરીને બુકીઓને ઝડપી કાયદાનો પાઠ ભણાવવો જોઇએ તેવુ લોકોમાં ચચાઈ રહ્યું છે.

## શહેર ભાજપ મહામંત્રી કિશોર રાઠોડ દ્વારા ચૂંટણી સહયોગ નીધિમાં અનુદાન



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨૨

પ્રદેશ ભાજપ અધ્યક્ષ સી.આર. પાટીલના માર્ગદર્શન હેઠળ રાજયભરમાં ચૂંટણી સહયોગ નિધી અભિયાન ચાલી રહ્યું છે તે અંતગર્ત શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણીના માર્ગદર્શન હેઠળ શહેર ભાજપ દ્વારા ચૂંટણી આજીવન સહયોગ નિધી અભિયાન વેગવંતુ બનાવાયું છે ત્યારે શહેર ભાજપ કાર્યાલય ખાતે શહેર ભાજપ મહામંત્રી કિશોર રાઠોડ દ્વારા ચૂંટણી સહયોગ નિધીમાં અનુદાન અપાયુ હતું. આ તકે શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણી, રાજયના મંત્રી અરવીંદ રૈયાણી, સાંસદ રામભાઈ મોકરીયા, શહેર ભાજપ મહામંત્રી કિશોર રાઠોડ, શહેર ભાજપ કોષાધ્યક્ષ અનીલભાઈ પારેખ, અશ્વીન મોલીયા, શહેર ભાજપ કાર્યાલય મંત્રી હરેશ જોષી, કોર્પોરેટર મનીષ રાડીયા, પ્રવીણભાઈ ડોડીયા સહીતના અગ્રણીઓ ઉપસ્થિત રહયા હતા.(૧.૪)

## ચોટીલાનાં ચીફ ઓફિસરને રૂા.૧૦ હજારનો દંડ

**(મોહસીન ખાન પઠાણ દ્વારા)**

ચોટીલા, તા.૨૨

**અરજદારને માહિતી અધિકાર હેઠળ વિગતો આપવામાં વિલંબ બદલ કાર્યવાહી**

ચોટીલા નગરપાલિકાના ચીફ ઓફિસર અને જાહેર માહિતી અધિકારી પાસે ચોટીલા નગર પાલિકા દ્વારા ૦૧-૦૩-૨૦૧૬ થી ૨૧-૦૬-૨૦૧૬ સુધીમાં આપવામાં આવેલ બાંધકામની મંજૂરીના હુકમ તેમજ નકશાની માહિતી અને ચોટીલા નગરપાલિકા દ્વારા આ સંદર્ભમાં વસુલવામાં આવેલ ફીની પહોંચ સહિત તમામ રેકર્ડ ની માહિતી તેમજ નગરપાલિકા દ્વારા કરવામાં આવેલ વિકાસ કામોમાં ઓવર એસ્ટીમેન્ટ વગેરે ની માહિતી મનીષાબેન શૈલેષભાઇ મકવાણા દ્વારા તા.૨૮-૧૨-૨૦૨૦ના રોજ માંગવામાં આવી હતી.

જે સંદર્ભની માહિતી ચોટીલા નગરપાલિકાના જાહેર માહિતી અધિકારી દ્વારા આપવામાં વિલંબ કરતા અરજદારે ગુજરાત જાહેર માહિતી આયોગમાં ફરિયાદ કરી હતી જેની અવાર-નવાર સુનાવણીના અંતે કસૂરવાર ઠરેલ ચોટીલા નગરપાલિકાના જાહેર માહિતી અધિકારી તેમજ ચીફ ઓફિસર નિકુંજ વોરાને ફરજમાં બેદરકારી બદલ ૧૦,૦૦૦/- રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો છે.

### કાલથી શરૂ થનાર શાળા પ્રવેશોત્સવની રૂપરેખા તૈયાર

## મનપાના પદાધિકારીઓની મુખ્યમંત્રી-શિક્ષણમંત્રી સાથે ચર્ચા



**શાળાકીય કાર્યક્રમોમાં કોરોના ગાઈડ-લાઈનનું પાલન કરવા સહિતની અપાઈ સુચના**

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨૨

રાજકોટ મહાનગરપાલિકા સંચાલિત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ હસ્તકની તમામ શાળાઓમાં નવા પ્રવેશ મેળવતા બાળકોને વધુમાં વધું શિક્ષણ પ્રત્યે જાગૃત કરવા માટે સરકાર મારફત શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ-૨૨નું આયોજન તા.૨૩થી ૨૫ દરમ્યાન કરવામાં આવેલ છે. રાજકોટ મનપાના પદાધિકારીઓ દ્વારા આ કાર્યક્રમની રૂપરેખા નકકી કરવા તેમજ જરૂરી માર્ગદર્શન અન્વયે મુખ્યમંત્રી સાથે વિચાર વિમર્સ કરેલ અને જરૂરી સુચનો આપ્યા હતા.

ત્યારબાદ શિક્ષણમંત્રી મારફત શિક્ષણ લગત આયોજન અને કોરોનાકાળ બાદ યોજાનાર પ્રવશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવમાં કોરોના ગાઈડલાઈન પાલન કરવા અન્વયે ચુસ્ત સુચનાઓ આપવામાં આવી હતી. જેમાં ડે.મેયર ડો.દર્શીતાબેન શાહ, સ્ટે.કમિટી ચેરમેન પુષ્કરભાઈ પટેલ, શાસક પક્ષ નેતા વિનુભાઈ ઘવા, શિક્ષણ સમિતિના ચેરમેન અતુલભાઈ પંડિત, વા. ચેરમેન સંગીતાબેન છાયા, શાસનાધિકારી કિરીટસિંહ પરમાર, આરોગ્ય અધિકારી તેમજ શિક્ષણ સમિતિ સદસ્ય રવિભાઈ ગોહેલ, તેજસભાઈ ત્રીવેદી, ફારૂકભાઈ બાવાણી, શરદભાઈ તલસાણીયા, કિશોરભાઈ પરમાર, ડો.અશ્વિન દુધરેજીયા, કિરીટભાઈ ગોહેલ, ડો. વિજયભાઈ ટોળીયા, ધૈર્યભાઈ પારેખ, ડો. પીનાબેન કોટક, જયંતીલાલ ભાખર, જાગૃતીબેન ભાણવડીયા, સહિતના મહાનુભાવો હાજર રહ્યા હતા.

## પી.ડી.યુ. હોસ્પિટલ ખાતે નિઃ શુલ્ક એપીલેપ્સી નિદાન કેમ્પ યોજાયો





**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨૨

રાજકોટ જિલ્લા વહીવટી તંત્ર, પી.ડી.યુ. હોસ્પિટલ, 'મિશન બેટર ટુમોરો' અને કાલિકટ મુકામે આવેલી એસ્ટર મિમ્સ હોસ્પિટલ દ્વારા પી.ડી.યુ. હોસ્પિટલ ખાતે ૨૨ અને ૨૩ જૂનના રોજ એપીલેપ્સી નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. જેનો બહોળી સંખ્યામાં લોકો લાભ લઈ રહ્યા છે.

આ કેમ્પનો દીપપ્રાગટયથી પ્રારંભ કરાવતા કલેકટર અરૂણ મહેશ બાબુએ જણાવ્યું હતું કે, નેશનલ હેલ્થ મિશનના ડાયરેકટર રેમ્યા મોહનના પ્રયાસોથી આ કાર્યક્રમનું આયોજન શક્ય બન્યું છે.

કલેકટરએ એપીલેપ્સીની સારવાર શક્ય છે એ વાત ઉપર વિશેષ ભાર મુકતાં કહ્યું હતું કે, આજે પણ તાણ અને આંચકી આવે તો માતાજીનો કોપ સમજીને નાગરિકો અંધશ્રધ્ધા તરફ વળી જાય છે અને સમયસર યોગ્ય નિદાન ન મળતાં એપીલેપ્સીની બિમારી જીવલેણ સાબિત થાય છે. આમ કરવાને બદલે બાળકોની યોગ્ય તબીબી સારવાર લેવી જોઇએ, એમ તેમણે ઉમેર્યું હતું.

ગુજરાત રાજ્ય 'મિશન બેટર ટુમોરો'ના કો-ઓર્ડિનેટર રાજેશ નાંબિયારે જિલ્લા વહીવટી તંત્રનો આભાર માન્યો હતો. અને ખાતરી આપી હતી કે અમારી નિષ્ણાંત તબીબોની ટીમ યોગ્ય નિદાન સાથે દર્દીઓને નવું જીવન પ્રદાન કરશે.

### બાળકને ૫ મિનિટથી વધારે આંચકી રહે તો તાત્કાલિક સારવાર લેવી જરૂરી

બાળકને ૩૦ સેકન્ડથી બે મિનિટ સુધી આવતી આંચકી ચિંતાજનક બાબત નથી પરંતુ ૫ મિનિટથી વધારે આંચકી રહે તો તાત્કાલિક સારવાર લેવી જરૂરી છે. જો સમયસર સારવાર લેવામાં ન આવે તો જીવલેણ પણ બની શકે છે.

આ કેમ્પ હેઠળ 'મિશન બેટર ટુમોરો' અને એસ્ટર મિમ્સના ન્યૂરો સાયન્સ વિભાગના નિષ્ણાંત ડોકટર્સની ટીમ દ્વારા એપીલેપ્સીના દર્દીઓને તપાસવામાં આવશે અને મફત નિદાન, ઈ.ઈ.જી. તથા દવાઓ પી.ડી.યુ કોલેજની સહાયથી આપવામાં આવશે. તેમજ જરૂર જણાયે કાલિકટની હોસ્પિટલમાં નિઃશુલ્ક ઓપરેશન પણ કરી આપવામાં આવશે. આ કાર્યક્રમમાં ડો.નવફલ બસીર, ડો.કે.જી.વિઠલાણી અને પી.ડી.યુ. કોલેજ તથા હોસ્પિટલનો મેડીકલ સ્ટાફ ઉપસ્થિત રહ્યા હતા. (૧૩)

## રાજકોટ જિલ્લા પંચાયતના બે અધિકારીઓની વહીવટી કારણોસર બદલી

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨૨

ગુજરાત સરકાર માર્ગ અને મકાન વિભાગ હેઠળ વિવિધ વર્તુળ કચેરીઓ અને જિલ્લા પંચાયત હેઠળ ફરજો બજાવતા નાયબ કાર્યપાલક ઈજનેર (સી) વર્ગ-૨ ની વહીવટી કારણોસર બદલી કરવામાં આવી છે. જેમાં રાજકોટ જિલ્લા પંચાયતનાં રાહુલ પટેલની માર્ગ અને મકાન પંચાયત પેટા વિભાગ- રાજકોટથી મેડીકલ કોલેજ માર્ગ મકાન પેટા વિભાગ સુરત ખાતે બદલી અને એચ.બી.ડાંગરની માર્ગ મકાન પંચાયત પેટા વિભાગ-જસદણથી કાર્યપાલક ઈજનેર (ગુણવત્તા નિયમન)ની કચેરી રાજકોટ ખાતે વહીવટી કારણોસર બદલી કરવામાં આવી છે.

## કેશોદના પ્રભારી તરીકે વિજય કોરાટની વરણી

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨૨



**પ્રદેશ ભાજપ દ્વારા વિધાનસભા ચૂંટણીને લઈને સોંપાયેલ મહત્વની જવાબદારી**

આગામી સમયમાં આવનાર ગુજરાત રાજયની વિધાનસભાની ચૂંટણી અંતર્ગત ગુજરાત પ્રદેશ ભાજપ અધ્યક્ષ સી.આર.પાટીલ દ્વારા તાજેતરમાં જ સૌરાષ્ટ્રની વિધાનસભા સીટોના પ્રભારીઓની વરણીને જાહેર કરવામાં આવી છે. જેમાં પ્રદેશ કિસાન મોરચાના મંત્રી વિજયભાઈ કોરાટને જૂનાગઢ જીલ્લાની ૮૮-કેશોદ વિધાનસભા સીટના પ્રભારી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

તેઓ કોરાટ હાલમાં પ્રદેશ ભાજપ કિસાન મોરચાના મંત્રી તરીકે સક્રિય રીતે કામ કરી રહ્યા છે. દેવ ભુમી દ્વારકા અને ભાવનગર જીલ્લાના કિસાન મોરચાના પ્રભારી તરીકે જવાબદારી નિભાવી રહ્યા છે. ભૂતકાળમાં રાજકોટ જીલ્લા ભાજપ કિસાન મોરચાના પ્રમુખ તરીકે પ્રશંસનીય કામગીરી કરી હતી. પ્રદેશ કિસાન મોરચાના વિવિધ કાર્યક્રમોના ઇન્ચાર્જ તરીકે સફળતાપૂર્વકની કામગીરી કરી હતી. જેમાં ખાટલા બેઠક, ગ્રામ સ્વરાજય અભિયાન, જનજાગરણ અભિયાન જેવા પ્રદેશ દ્વારા આપવામાં આવેલ અનેક કાર્યક્રમોમાં ઇન્ચાર્જ તરીકેની સફળ કામગીરી કરી છે. આવી પ્રશંસનીય કામગીરીને ધ્યાને લઈને તેમને કેશોદ વિધાનસભાના પ્રભારી તરીકે ની મહત્વની જવાબદારી સોંપી છે.

### 'આપ' ગુજરાત પ્રદેશ મંત્રી અજીત લોખીલનો આજે જન્મદિવસ



રાજકોટ: 'આપ' ગુજરાત પ્રદેશ મંત્રી અજીતભાઈ લોખીલનો આજે જન્મદિવસ છે. તાજેતરમાં 'આપ' રાષ્ટ્રીય પરિષદ સભ્ય પદે નિમણૂંક કરવામાં આવી છે.લાઈફ કેર સોશિયલ ફાઉન્ડેશનના પ્રમુખ તેમજ સામાજીક સંસ્થાઓમાં સેવા આપી રહ્યા છે.

પાર્ટીમાં ઝડપી અને આયોજન પૂર્વક કામગીરીની નોંધ 'આપ' રાષ્ટ્રીય લેવલે લેવામાં આવી છે. આજે જન્મદિવસ પર મો.નં.૯૦૬૬૭૭૮૮૯૪ પર શુભેચ્છાઓ મળી રહી છે. 'સૌરાષ્ટ્ર ક્રાંતી' પરિવાર તરફથી જન્મદિવસની ખૂબ-ખૂબ શુભકામનાઓ...


અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતિ
સાંધ્ય દૈનિક
જાહેર નોટીસ
કોર્ટ નોટીસ
જાહેર ચેતવણી
દાવાનાં સમન્સ
વગેરે પ્રસિધ્ધ કરાવો
ફક્ત રૂા.૬૦માં
+5%GST (પ્રતિ કોલમ સે.મી.અંદર પાને)
122, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ
Mo: 9033344426





ફિલ્મ પ્રોડક્શન હાઉસ હવે રાજકોટ માં...
વીડી ફિલ્મસ પ્રાઇવેટ લીમીટેડ
હવે તમારા બિઝનેસ મા વધારો કરવા માટે
વિડિયો એડ અને કોર્પોરેટ વિડિયો બનાવો
95123 30013
બીગ બજાર પાછળ, મારૂતી ચોક પાસે, રાજકોટ

## તંત્રી સ્થાનેથી...

### ખેડૂતો ચોમાસા પર સતત નજર રાખી રહ્યા છે

વિશ્વની અડધાથી વધુ વસ્તી માટે ચોખા એ પ્રાથમિક ખાદ્ય પદાર્થ છે અને તેમાંથી લગભગ ૯૦% એશિયામાં ઉગાડવામાં આવે છે. તે જ સમયે, ભારત સરકાર અને ભારતીય ખેડૂતો ચોમાસા પર સતત નજર રાખી રહ્યા છે, જેથી ચોખાનું વાવેતર સારૂં થાય, જેથી ખાદ્ય મોંઘવારી તેમજ ચોખાના વૈશ્વિક પુરવઠાને નિયંત્રિત કરી શકાય. ભારતીય મુત્સદ્દીગીરી માટે ચોખા અને ઘઉં ખૂબ જ મહત્વપૂર્ણ છે. જાપાનના ફાઇનાન્શિયલ હોલ્ડિંગ નોમુરાએ એક નોંધમાં કહ્યું છે કે, એક ખાદ્યપદાર્થની કિંમતમાં વધારાની અસર અન્ય ખાદ્યપદાર્થો પર પડે છે, તેથી અમે અપેક્ષા રાખીએ છીએ કે ખાદ્ય ફુગાવો હજુ વધુ વધશે. ખાસ કરીને ચોખાના ભાવ પર અમે બારીકાઈથી નજર રાખી રહ્યા છીએ. હાલમાં ચોખાના ભાવમાં વધારો થવાની આશા ઓછી છે, કારણ કે ઘઉંના ભાવમાં વધારો થવા છતાં ચોખાના ભાવ પ્રમાણમાં સ્થિર રહ્યા છે. ઘઉંની કટોકટી વચ્ચે વૈશ્વિક ચોખાનો સ્ટોક ઝડપથી ઘટી શકે છે અને પરિસ્થિતિ ગંભીર બનતા સમય લાગશે નહીં. નોમુરાએ તેમની નોંધમાં જણાવ્યું હતું કે, જો કે, જો ઘઉંના ભાવમાં વધારો કરીને ચોખાને બદલવામાં આવે તો, તે વર્તમાન સ્ટોકને ખાલી કરી શકે છે, જેના કારણે સ્થાનિક ઉત્પાદકો ખાદ્ય સુરક્ષાના કારણોસર ચોખાની નિકાસ પર પ્રતિબંધ મૂકે છે, અને સમય જતાં ચોખાના ભાવ વધી શકે છે. આ સિઝનમાં વિશ્વ ચોખાની નિકાસ ૫૨.૬ મિલિયન મેટ્રિક ટન રહી, જે વિશ્વના ચોખાના કુલ ઉત્પાદન (૫૧૨.૮ મિલિયન મેટ્રિક ટન)ના લગભગ ૧૦.૩ ટકા છે. તેથી, જો લોકો ઘઉંમાંથી ચોખા તરફ વળે છે, અથવા જો કોઈ એક ચોખાની નિકાસ કરનાર દેશ ચોખાની નિકાસ પર નિયંત્રણો લાદે છે, તો વૈશ્વિક ચોખાના બજાર પર ભારે અસર થઈ શકે છે. યુનાઇટેડ સ્ટેટ્સ ડિપાર્ટમેન્ટ ઓફ એગ્રીકલ્ચરના ડેટા દર્શાવે છે કે ૨૦૨૨-૨૩માં વૈશ્વિક ચોખાના વપરાશ અને ચોખાના વૈશ્વિક ઉત્પાદનના વિકાસમાં ભારતનો હિસ્સો સૌથી મોટો છે. વધુમાં, ભારતની નિકાસ ૧૦ લાખ ટનથી વધીને રેકોર્ડ ૨૦૨ મિલિયન ટન થવાનો અંદાજ છે, જે વૈશ્વિક શિપમેન્ટમાં લગભગ ૪૧% હિસ્સો ધરાવે છે. ભારતની અંદાજિત નિકાસ ચોખાના આગામી ત્રણ સૌથી મોટા નિકાસકારો થાઈલેન્ડ, વિયેતનામ અને પાકિસ્તાનના સંયુક્ત શિપમેન્ટ કરતાં ઘણી વધારે છે. ભારત ચોખાનો સૌથી મોટો નિકાસકાર દેશ છે અને ઘણા દેશો ચિંતિત છે કે જો ભારત ઘઉં અને ખાંડની જેમ ચોખાની નિકાસને નિયંત્રિત કરવા માટે પ્રતિબંધોની જાહેરાત કરે તો તેમની સ્થિતિ વધુ ખરાબ થઈ શકે છે. જો કે ભારત સરકારે ખાતરી આપી છે કે તે આવું નહીં કરે. પરંતુ, આ પરિસ્થિતિમાં, યોજનાઓમાં અચાનક ફેરફાર ખાદ્ય ફુગાવાની સ્થિતિને વધુ ખરાબ કરી શકે છે. જ્યારે ભારતમાં ખાદ્ય ફુગાવાની વાત આવે છે, ત્યારે જાપાની નાણાકીય કંપની નોમુરા અપેક્ષા રાખે છે કે તે ૨૦૨૨ સુધીમાં ઊંચો રહેશે અને વાર્ષિક ધોરણે સરેરાશ ૮.૦% રહેશે, જે ૨૦૨૧ માં ૩.૭%ની સરખામણીએ અઢી ગણા કરતાં વધુ છે. નોમુરાએ એ પણ નોંધ્યું હતું કે, જ્યારે સ્થાનિક અજાણ્યા પરિબળો, વધતા ફીડસ્ટોક ખર્ચ, દક્ષિણ કોરિયા, ભારત, હોંગકોંગ, ફિલિપાઈન્સ અને સિંગાપોર સાથે જોડાયેલા ખાતરની અછતને જોડવામાં આવે ત્યારે એશિયામાં ખાદ્યપદાર્થોની કિંમતનો ફુગાવો આ વર્ષે નોંધપાત્ર રીતે વધશે.

# દર્દીના પેટમાંથી ખીલી, સિક્કા અને પથ્થર નીકળ્યા

**દર્દીના પેટમાંથી ૨૫૦ ખીલીઓ, ૩૫ સિક્કા અને પથ્થરની ચિપ્સ મળી આવી**



**(એજન્સી સમાચાર)**

પશ્ચિમબંગાળ,તા.૨૨

પશ્ચિમ બંગાળના બર્ધમાન જિલ્લામાં એક આવો જ વિચિત્ર કિસ્સો સામે આવ્યો છે જેમાં વ્યક્તિ પર સર્જરી કરતી વખતે ડૉક્ટરો પણ દંગ રહી ગયા. દર્દીના પેટમાંથી ૨૫૦ ખીલીઓ, ૩૫ સિક્કા અને પથ્થરની ચિપ્સ મળી આવી છે. એક માનસિક વિકલાંગ વ્યક્તિ છેલ્લા ૧૫ વર્ષથી આ ખીલી ખાઈ રહ્યો હતો. બર્ધમાન મેડિકલ કોલેજ અને હોસ્પિટલના ડોક્ટરોએ તેમને સર્જરી કરીને દૂર કર્યા હતા.

હવે તે વ્યક્તિની હાલત સ્થિર છે. હોસ્પિટલના મળતી માહિતી અનુસાર, વ્યક્તિનું નામ શેખ મોઇનુદીન છે. તે મંગલકોટ વિસ્તારનો રહેવાસી છે. ગયા શનિવારથી તેણે ખાવાનું બંધ કરી દીધું હતું. પેટમાં અસહ્ય દુખાવાને કારણે તેમને પહેલા બર્ધમાનની એક ખાનગી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. હોસ્પિટલમાં દાખલ કર્યા બાદ પેટમાં થતા દુખાવાનું કારણ જાણતા ડોક્ટર્સ દ્વારા એક્સ-રે કરવામાં આવ્યો હતો. એક્સ રેમાં આ સમગ્ર કેસ સામે આવ્યો હતો. પરિવાર સહિત ડોક્ટરો આ જોઈને ચોંકી ગયા હતા. અને સર્જરી કરવા જણાવ્યુ હતું. આ સર્જરી કરવામાં લાખો રૂપિયાથી વધુનો ખર્ચ થશે તેવું ખાનગી હોસ્પિટલ દ્વારા જણાવવામાં આવ્યું હતું. ત્યારબાદ પરિવારે મોઇનુદીનને બર્ધમાન મેડિકલ કોલેજ હોસ્પિટલમાં દાખલ કર્યો હતો. ત્યાં, હોસ્પિટલ સત્તાવાળાઓએ તેની સર્જરી માટે એક અલગ મેડિકલ ટીમ બનાવી. આ પછી ડોક્ટરોએ તેના પેટમાંથી ૨૫૦ ખીલી, ૩૫ સિક્કા અને ઘણી પથરી કાઢી નાખી હતી. ડોક્ટરો પણ આ જોઈને દંગ રહી ગયા હતાં.

### વેપારીનું એટીએમ કાર્ડ બદલી ગઠીયાએ રૂા.૩૦ હજાર ઉપાડી લીધા

જુનાગઢ,તા. ૨૨ જુનાગઢ એસ.ટી. બસ સ્ટેશન નજીક આવેલા એટીએમમાંથી વેપારી પૈસા ઉપાડવા ગયેલ ત્યારે અંગ્રેજીમાં મેસેજ આવતા ત્યાં ઉભેલા શખ્સે કહેલ કે લાવો હું તમને પૈસા ઉપાડી દઉં તેમ કહી એટીએમ કાર્ડ બદલી નાખી વેપારીના ખાતામાંથી કુલ ૩૦,૫૩૨ ઉપાડી લીધાની બી-ડીવીઝનમાં ફરિયાદ નોંધાવી છે. જેની ફરિયાદ બી-ડીવીઝનમાં નોંધાવતા પીએસઆઈ આર.એસ. બાંટવાએ હાથ ધરી છે.

# નશાની પાર્ટી બાદ મિત્રો બાખડ્યા, બેને ઇજા

**નામચીન બુટલેગરોએ વહેલી સવારે બઘડાટી બોલાવી : માલવીયા પોલીસ દોડી ગઇ**

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ,તા. ૨૨

રાજકોટમાં દારૂનો અડ્ડો ગણાતા ગોકુલધામ આવાસ ક્વાર્ટરમાં ગઇકાલે રાત્રે દારૂની પાર્ટી કર્યા બાદ વહેલી સવારે ચારેક વાગ્યા આસપાસ મિત્રો-મિત્રો વચ્ચે ડખ્ખો થતા વાત મારામારી સુધી પહોંચી ગઇ હતી, અને વહેલી સવારે જ નામચીન બુટલેગર સહિતનાં શખ્સોએ વિસ્તારને રીતસર બાનમાં લઇ બઘડાટી બોલાવી હતી. જેમાં બે લોકોને ઇજા પહોંચી હતી. બનાવના પગલે માલવીયા પોલીસનો સ્ટાફ દોડી ગયો હતો.

બનાવની પ્રાપ્ત વિગત મુજબ રાજકોટના ગોંડલ રોડ નજીક આવેલા ગોકુલધામ આવાસ ક્વાર્ટરમાં ગઇકાલે વહેલી સવારે મારામારીની ઘટના બનતા બે લોકોને ઇજા પહોંચી હતી. જેમાં ઇજાગ્રસ્ત યશ રસિક બકરાણીયા (ઉ.વ.૨૧,રહે. ગોકુલધામ આવાસ, એસટી વર્કશોપ પાછળ, રાજકોટ) અને સામા પક્ષે મયુરગીરી દિનેશગીરી ગોસ્વામી (ઉ.વ.૩૩, રહે. ગીતાંજલી સોસાયટી, શેરી નં. ૫, ગોકુલધામ પાસે,રાજકોટ)ને સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા.

આ ઘટના વહેલી સવારે ચારેક વાગ્યા આસપાસ બની હતી. આરોપીઓના ટોળાએ વિસ્તારમાં આતંક મચાવ્યો હતો. જેને પગલે માલવીયાનગર પોલીસનો સ્ટાફ દોડી ગયો હતો. પોલીસ સુત્રો અને ઇજાગ્રસ્તના સગા-સ્નેહીઓ દ્વારા જણાવ્યા મુજબ ગોકુલધામ આવાસ ક્વાર્ટરનો નામચીન બુટલેગર કવિ સોલંકી, યશ, મયુરગીરી, હકો,મહેશ વગેરે મિત્રો રાત્રે નશાની પાર્ટી યોજી



**વાહનો અને ઘરમાં દસેક લોકોના ટોળાએ તોડફોડ કર્યાનો આક્ષેપ**

હતી. જેથી નશામાં ધૂત થયા બાદ ભાન ભુલેલા આરોપીઓ અંદરોઅંદર બાખડવા લાગ્યા હતા. જેમાં એક શખ્સે છરી કાઢી કહેલું કે, છરી મારીશ તો આટલી જ વાર લાગશે.

આવી ચર્ચામાં બઘડાટી બોલી ગઇ હતી અને સામ-સામે ઢીકા-પાટુ ઝપાઝપી થઇ ગઇ હતી. જેમાં યશ અને મયુરગીરીને ઇજા પહોંચી છે. યશે કવિ, હકો અન્ય શખ્સોએ હુમલો કર્યો હોવાનું કહ્યું છે. જ્યારે મયુરગીરીએ કોઇ જય નામના વ્યક્તિનું નામ આપ્યું છે. હાલ પોલીસે સમગ્ર મામલે તપાસ હાથ ધરી છે. આરોપીઓને રાઉન્ડઅપ કરવાનું શરૂ કર્યું છે. ફરિયાદ બાદ ધરપકડ થઇ શકે છે. જો કે સવાર સુધીમાં ફરિયાદ નોંધાઈ નથી. ઉલ્લેખનીય છે કે બુટલેગર કવિના ઠેકાણા પર તાજેતરમાં જ સ્ટેટ મોનિટરીંગ સેલે દરોડો પાડી મોટી માત્રામાં દારૂ ઝડપી પાડ્યો હતો.

## રાજકોટ ક્રાઈમ

### બસ ચાલકને માર મારનાર બે શખ્સો સામે ગુનો

રાજકોટ: ૧૫૦ ફૂટ રીંગ રોડ પર આંબેડકર સર્કલ પાસે ગઈકાલે રાત્રે બી.આર.ટી.એસ. બસે બાઈકને હડફેટે લેતા યુવાનને ગંભીર ઈજા થતા સિવિલમાં ખસેડાયો હતો. જેનું સારવાર દરમિયાન મૃત્યું નિપજયું હતું. બીજી તરફ અકસ્માતના પગલે ઉશ્કેરાયેલા અમુક શખ્સોએ પથ્થરમારો કરી બસના કાચ તોડી નાખ્યા હતાં. જે અંગે બસ ચાલકે બે શખ્સો સામે પોલીસ ફરીયાદ નોંધાવી હતી. ગંભીર રીતે ઘવાયેલા રૂત્વીક દાફડાને સિવિલમાં ખસેડાયો હતો. જયાં સારવાર દરમિયાન તેનું મૃત્યું નિપજયું હતું. આ અકસ્માતના પગલે અમુક શખ્સોએ બસમાં પથ્થરમારો કરી કાચ તોડી નાખી બસ ચાલક પ્રકાશ મુછડીયા રહે, સરપદળ, તા.પડધરીને મારમાર્યો હતો. આ અંગે માલવીયાનગર પોલીસે બસ ચાલક પ્રકાશની ફરીયાદ પરથી વિશાલ વાઘેલા અને સાગર પરમાર રહે, બંને આંબેડકરનગર સામે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી હતી.

### મોબાઈલ સેરવતી બેલડી ઝડપાઈ

રાજકોટ : એસ.ટી. બસ સ્ટેન્ડ પાસે મુસાફરોની નજર ચૂકવી ખિસ્સામાંથી મોબાઈલ સેરવતો તોફિક આશિક તુરીયા અને મહમદ ફિરોજખાન પઠાણને એ ડીવીઝન પોલીસ મથકના પીઆઈ જોષી સહિતના સ્ટાફે ઝડપી લઈ તેની તલાશી લેતા તેની પાસેથી ૧૦ મોબાઈલ મળી આવતા પોલીસે બંનેની ધરપકડ કરી વિશેષ પૂછપરછ હાથ ધરી છે.

### જુના ઝઘડાના પ્રશ્ને બે યુવાનોને ધોકાવ્યા

રાજકોટ : સાધુ વાસવાણી રોડ પર ધર્મરાજ પાર્કમાં રહેતો કારાભાઈ દેવાભાઈ દાસા (ઉ.વ.૩૫) આજે બપોરે તેના મિત્ર જયદીપસિંહ સાથે ભગવતસિંહજી ગાર્ડન પાસે હેર સલુનમાં વાળ કપાવવા માટે ગયો હતો ત્યારે જૂના ઝઘડાનો ખાર રાખી કરણ લીલાભાઈ બાપોદરાએ ધોકા સાથે ધસી આવી હૂમલો કર્યો હતો તેમજ વચ્ચે સમજાવવા આવેલા તેના મિત્રને પણ માર માર્યાની ફરિયાદ નોંધાવતા પોલીસે આરોપીની ધરપકડ કરવાની કાર્યવાહી કરી છે.

### ૭૨ હજારનો દારૂ ભરેલી કાર સાથે ૪ ઝબ્બે

રાજકોટ : શહેરમાં દારૂની હેરાફેરી ઉપર ખાસ વોચ રાખવાની સુચના અન્વયે એલસીબી ઝોન-૧ પીએસઆઈ વી.કે. ઝાલા અને ટીમે બાતમી આધારે બામણબોર પાસે વોચ ગોઠવી કાર અટકાવી જડતી લેતા ૧૮૦ બોટલ દારૂ મળી આવતા વઢવાણના સલીમ યુસુફ ફકીર, ગઢડાના ઈસ્માઈલ ગની પરમાર, ધોળકાના તૌફીક જુમાશા દિવાન અને હુશેનશા જુમા દિવાનની ધરપકડ કરી દારૂ, કાર, ફોન સહીત ૨.૪૧ લાખની મતા કબજે કરી હતી તેમજ થોરાળા પોલીસે ગૌરવ ગોંડલીયાને ૧૮ બીયર સાથે ઝડપી લીધો હતો.

### આરટીઈનો ચોથો રાઉન્ડ બહાર પાડવા બદલ આભાર વ્યક્ત કરતા રાકેશ પટેલ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)** રાજકોટ, તા.૨૨

જનજાગૃતિ એજ્યુકેશન ટ્રસ્ટ તથા તમામ હોદેદારો વતી આપેલ ચોથા રાઉન્ડ માટેનું આવેદનપત્ર ગુજરાત રાજ્યનાં તમામ ઉપરનાં વ્યક્તિ મુખ્યમંત્રી, શિક્ષણમંત્રી, પ્રાથમિક નિયામક અને આરટીઈની કામગીરી સંભાળતા તમામ અધિકારીઓએ આવેદનપત્ર સ્વીકારી ચોથો રાઉન્ડ બહાર પાડતા જનજાગૃતિ એજ્યુકેશન ટ્રસ્ટના પ્રમુખ રાકેશ પટેલ, ઉપપ્રમુખ મનીષ સથવારા, અશોકભાઈ પદમાણી, નરેન્દ્ર પટેલ, દિનેશ ચાવડા દ્વારા આભાર વ્યક્ત કરાયો હતો.

# જવેલર્સના શોરૂમમાં બ્હેરા-મૂંગાએ સહાયના બહાને રૂ.૬ લાખના દાગીનાની ચોરી

**વેપારીની નજર ચૂકવી નોટબુક નીચે દાગીનાનું બોક્સ રાખી લીધુંઃ સીસીટીવી ફુટેઝના આધારે આરોપીની ઓળખ મેળવવા તજવીજઃ પોલીસે તપાસ આદરી**



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ તા. ૨૨:

શહેરના ભૂપેન્દ્ર રોડ પર આવેલ શ્રૃંગાર જ્વેલર્સ નામની દૂકાનમાં મુંગા બહેરાનો સ્વાંગ રચીને આવેલો એક શખ્સ વેપારી અને સેલ્સમેનની નજર ચુકવી રૂા. ૬ લાખના સોનાના દાગીના ભરેલું બોક્સ કાઉન્ટર પરથી પોતાના હાથમાં રહેલી નોટબૂક નીચે છુપાવીને ચોરી જતાં પોલીસે તપાસ હાથ ધરી છે.

આ બનાવમાં એ-ડિવીઝન પોલીસે પ્રહલાદ પ્લોટ સૌભાગ્ય એપાર્ટમેન્ટ બ્લોક નં. ૩૦૧માં રહેતાં અને ભૂપેન્દ્ર રોડ પર શ્રૃંગાર જ્વેલર્સ નામે દૂકાન ધરાવતાં સોની વેપારી પ્રશાંતભાઇ ભાસ્કરભાઇ ચાપાનેરીયા (ઉ.૪૧)ની ફરિયાદ પરથી અજાણ્યા બહેરા મુંગાનો સ્વાંગ રચીને આવેલા અજાણ્યા શખ્સ વિરૂધ્ધ ગુનો નોંધ્યો છે.

પ્રશાંતભાઇએ જણાવ્યું હતું કે ૨૦/૬ના બપોરે દોઢેક વાગ્યે મારા પિતા ભાસ્કરભાઇ તથા મારા સેલ્સમેન વજુભાઇ ધોળકીયા બંને દૂકાનમાં માલની ગોઠવણી કરી રહ્યા હતાં એ વખતે એક અજાણ્યો શખ્સ આવ્યો હતો અને તેણે એક કાગળ બતાવ્યો હતો. એ કાગળમાં 'આ વ્યક્તિ મુંગો બહેરો છે, તેને સહાય આપવા વિનંતી' તેવું લખાણ લખેલું હતું. આ કાગળ તેણે અમારી દૂકાનના કાઉન્ટર પર મુકીને બતાવવાના બહાને આગળ કરી કાઉન્ટર પર પડેલા એક બોક્સમાંથી પેન્ડન્ટ સેટ નંગ ૨૩ જેનું કુલ વજન ૧૧૮ ગ્રામ હતું તે છ લાખના સોનાના દાગીના મારા પિતા તથા સેલ્સમેનની નજર ચુકવી ઉઠાવી લીધા હતાં.

એ શખ્સે પોતાની પાસે રહેલી એક નોટબૂક અને કાગળ બતાવવાના બહાને કાઉનટર પરના પેન્ડન્ટ સેટનું બોક્સ પોતાની નોટબૂક નીચે રાખી દીધું હતું અને ત્યાંથી નીકળી ગયો હતો. મારા પિતાજીને આ બનાવની જાણ સાંજે ચારેક વાગ્યે દાગીના ગણતી વખતે થઇ હતી. એ પછી અમે દૂકાનના સીસીટીવી કેમેરા ચેક કરતાં મુંગા બહેરાનો સ્વાંગ રચીને આવેલો શખ્સ નોટબૂક નીચે પેન્ડન્ટ સેટનું બોક્સ રાખીને ચોરી કરી જતો દેખાયો હતો. આ મામલે તપાસ કરી પોલીસને જાણ કરી હતી.

એ-ડિવીઝન પીઆઇ સી. જી. જોષીની રાહબરીમાં હેડકોન્સ. એલ. એ. જતાપરાએ ગુનો દાખલ કરાવતાં પીએસઆઇ એચ. એસ. નિમાવત, રાજેશભાઇ સોલંકી, જયુભા ઝાલા સહિતે તપાસ હાથ ધરી છે.

# ૧૪ વર્ષની તરૂણીએ ગળાફાંસો ખાઈ જીવન ટૂંકાવી લેતા ખળભળાટ

રાજકોટ,તા. ૨૨

હાલના સમયમાં ગળેફાંસો લગાવી આપઘાત કરી લેવાનો ટ્રેન્ડ ચાલી રહ્યો હોય તેમ વધુ એક બાળકીની સહનશીલતા તુટી હતી. અને મોતને વ્હાલુ કર્યું હતું. રાજકોટનાં મચ્છોનગર વિસ્તારમાં રહેતી અંજલી વઢીયારા નામની બાળકીએ ઓરડીમાં ગળેફાંસો લગાવી આપઘાત કરી લેતા અરેરાટી મચી ગઇ હતી.

બનાવની વધુ વિગત અનુસાર રાજકોટના મચ્છોનગર વિસ્તારમાં રાધેશ્યામ ગૌશાળા પાસે રહેતી અંજલીબેન વિનોદભાઈ વઢીયારા (ઉ.૧૪) ગત રોજ પોતાના ઘરની બાજુમાં આવેલી ઓરડીમાં અગમ્ય કારણોસર પંખાના હુકમાં ચુંદડી બાંધી ગળેફાંસો લગાવી આપઘાત કરી લીધો હતો. બનાવની જાણ થતાં પરિવારે તાત્કાલીક સિવિલ ખસેડી હતી. અને ફરજ પરના તબીબે તપાસીને મૃત જાહેર કરી હતી. બનાવ અંગે યુનિવર્સિટી પોલીસને જાણ થતાં સિવિલે દોડી આવી હતી. અને મૃતદેહને પીએમમાં ખસેડી આપઘાતનું કારણ જાણવા પરિવારની વિશેષ પુછપરછ હાથ ધરી હતી. વધુમાં પોલીસે જણાવ્યું હતું કે મૃતક અંજલી તેના કાકા-કાકી સાથે રહેતી હતી. અને ગત રોજ અંતિમ પગલુ ભરી લેતાં પરીવાર પણ બનાવથી સ્તબ્ધ છે. જેમના મોતથી પરીવારમાં શોક છવાયો હતો.

### પિતાએ બાઈક લેવાની મનાઈ ફરમાવતા યુવકે ઘેનની ટીકડીઓ પીધી

રાજકોટના રેલનગર વિસ્તારમાં છત્રપતિ શિવાજી ટાઉનશીપમાં રહેતાં રાહીલ હનીફભાઇ ગનીયાણી (ઉ.વ.૨૨) એ રાતે ઘેનની ટીકડીઓ વધુ પડતી પી લેતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાતાં ચોકીના સ્ટાફે પ્ર.નગરમાં જાણ કરી હતી. રાહીલ બે બહેનથી નાનો છે અને હાલ કંઇ કામ કરતો નથી. તેના પિતા દાણાપીઠમાં છુટક મજૂરી કરી છે. તેને હોન્ડા લેવું હોઇ તેના પિતાએ પછી લઇ દેશે તેમ કહેતાં માઠુ લાગી જતાં આ પગલુ ભર્યાનું જણાવાયું હતું.

# યુપીએસસીની તૈયારી કરતી મહિલાને પતિનો ત્રાસ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ.તા.૨૨

રાજકોટના પેડક રોડ પર મારૂતિ સોસાયટીમાં રહેતી અને યુપીએસસીની તૈયારી કરતી યુવતીને ઈન્સ્ટાગ્રામ મારફ્તે પરિચય થતા ગોંડલના યુવક સાથે કોર્ટ મેરેજ કર્યા બાદ પખવાડીયામાં જ શંકાશીલ પતિના ત્રાસથી કંટાળી જઈ મહિલા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આરોપીને પકડી લેવા મથામણ કરી છે.

પોલીસ સુત્રોના જણાવ્યા મુજબ મારૂતિ સોસાયટીમાં રહેતી અક્ષિતા ધીરજભાઈ વસાણીએ બીકોમ સુધી અભ્યાસ કર્યા બાદ યુપીએસસીની તૈયારી કરતી હોય આંઠ માસ પહેલા તેને ઈન્સ્ટાગ્રામ મારફ્તે પરિચય થતા ગોંડલના સ્માર્ટ જેન્તીભાઈ ડોબરિયા સાથે પાંચ માસ પૂર્વે ગોંડલ કોર્ટમાં માતા-પિતાને જાણ કર્યા વગર મેરેજ કરી લીધા હોય લગ્નના ત્રણ દિવસ બાદ સાસુ-સસરા-નણંદ સાથે રોકાયા બાદ ગાંધીનગર ૭ડજઈની તૈયારી કરવા માટે ગયેલ તે દરમ્યાન પતિ અવારનવાર વિડીયો કોલમાં વાતચીત કર્યા કરતો અને



મારે ક્લાસ ચાલુ હોય તો પણ તેની સાથે વાત કરવાનું કહેતો અને માનસિક ટોર્ચર કરતો હોય અને અભ્યાસ કરવા દેતો ન હોય તેમજ ખોટી શંકાઓ કરી મને તેની સાથે વિડીયો કોલમાં વાત કરવા માટે મજબુર કરી ત્રાસ આપતો હોવાનું જણાવ્યું હતુ દરમ્યાન બે માસ પહેલા અક્ષિતાના મમ્મી-પપ્પા

**શંકાશીલ પતિને પકડવા મહિલા પોલીસની કાર્યવાહી**

ગાંધીનગર આવેલ ત્યારે લગ્ન બાબતે વાતચીત કરેલ અને પતિ માનસિક ત્રાસ આપતો હોવાનું અને મારે તેની સાથે રહેવું નથી તેમ કહેતા તત્કાલ રાજકોટ આવ્યા બાદ ફરિયાદ નોંધાવી હોવાનું જણાવતા પીએસઆઈ એચ પી ગઢવીએ ગુનો નોંધી સ્માર્ટ ડોબરિયાની ધરપકડ કરવાની કાર્યવાહી કરી છે.

# પારકા ઝઘડામાં વચ્ચે પડેલા યુવક પર છરીથી હુમલો

**પિતા સાથે દારૂના નશામાં ઝઘડી રહેલા સમજાવવા જતાં તૂટી પડ્યો : રાજકોટ સીવીલે સારવારમાં**

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ,તા. ૨૨

માળિયા મીયાણામાં પિતા સાથે ઝઘડો કરી રહેલા પિતરાઈ બબલુને ટપારતા આરીફ પર બબલુએ છરીથી હુમલો કરતાં સારવારમાં રાજકોટ સીવીલે ખસેડવામાં આવેલ હતો. બનાવની વધુ વિગત અનુસાર માળીયા મિયાણામાં રહેતા આરીફભાઈ ડાડાભાઈ કરીયા (ઉ.૨૮)ગત રોજ ઘર પાસે હતા ત્યારે તેમનો પિતરાઇ ભાઈ બબલુ ધસી આવી ઝઘડો કરીને છરીના ઘા ઝીંકતા શરીરે ગંભીર ઇજા પહોંચતા સારવારમાં રાજકોટ સીવીલે ખસેડવામાં આવ્યા હતા.

વધુમાં ઇજાગ્રસ્તના સગાએ જણાવ્યા મુજબ હુમલો કરનાર બબલુ તેના પિતા સીદીકભાઈ સાથે ઝઘડી રહ્યો હતો. ત્યારે આરીફે વચ્ચે પડીને સમજાવવા ગયેલ હતો. જેનો ખાર



રાખીને છરીથી હુમલો કર્યો હતો. આરીફ મચ્છીનો ધંધો કરે છે. બનાવ અંગે સીવીલ ચોકીના સ્ટાફે માળીયા મિયાણા પોલીસને જાણ કરી હતી.

### શહેર કોંગ્રેસ દ્વારા કલેકટર મારફત રાષ્ટ્રપતિને આવેદન પાઠવાયું



રાજકોટઃ રાહુલ ગાંધીને થયેલ હેરાનગતિ અંગે શહેર કોંગ્રેસ દ્વારા સેન્ટ્રલ જીએસટી ભવન સામે ધરણા કરતા તસ્વીરમાં નજરે પડે છે. કલેકટર મારફત રાષ્ટ્રપતિને આવેદનપત્ર અપાયું હતું.

# ટ્રેનમાં નિદ્રાધીન મહિલાના ઘરેણાંના પર્સની ચોરી

**સૌરાષ્ટ્ર એક્સપ્રેસ ટ્રેનના કોચમાં ગઠિયો કળા કરી ગયો**

રાજકોટ.તા.૨૨

પોરબંદરથી મુંબઇ જતી સૌરાષ્ટ્ર એક્સપ્રેસ ટ્રેનમાં મહિલા મુસાફરનું ઘરેણાં ભરેલું પર્સ ગઠિયો ચોરી ગયાની રેલવે પોલીસમાં ફરિયાદ નોંધાઇ છે. સુરત રહેતી માનસી ભરતભાઇ ટુકડિયાએ નોંધાવેલી ફરિયાદ મુજબ, તેનું માવતર રાણાવાવ છે. ભાઇના ઘરે પ્રસંગ હોય સાસુ સાથે ગત તા.૨૮ના રોજ રાણાવાવ આવ્યા હતા. પ્રસંગ બાદ પરત સુરત જવા ગત તા.૪ના રોજ સૌરાષ્ટ્ર એક્સપ્રેસ ટ્રેનમાં એસી કોચમાં રિઝર્વેશન કરાવ્યું હતું. તા.૪ની રાતે સવા નવ વાગ્યે સાસુ સાથે સૌરાષ્ટ્ર એક્સપ્રેસ ટ્રેનના એસ-૬ કોચમાં બેઠા હતા. રાત્રી સફર હોય ૧૨ વાગ્યા સુધી પોતે જાગી હતી.

બાદમાં પોતાની પાસે રોકડા રૂ.૧૫ હજાર તેમજ સોનાના ઘરેણાં મળી કુલ રૂ.૨.૩૦ લાખની મતા ભરેલું પર્સ હોય પોતાના માથા નીચે રાખી સૂઇ ગઇ હતી. ત્યારે અચાનક ત્રણ વાગ્યાના અરસામાં ઊંઘ ઊડી જતા માથા નીચે રાખેલું પર્સ જોવા મળ્યું ન હતું. ઘરેણાં ભરેલું પર્સ ચોરાઇ ગયા બાદ આજુબાજુના કમ્પાર્ટમેન્ટમાં તપાસ કરી હતી. પરંતુ રાત્રીનો સમય હોય કોઇ મુસાફર જાગતું ન હતું. જેથી ટ્રેનમાં ફરજ પર રહેલા પોલીસ કર્મચારીને ચોરીના બનાવ અંગે જાણ કરી હતી. જેથી તેને ટ્રેનમાં રહેલા અન્ય પોલીસ કર્મચારીને જાણ કરી ટ્રેનમાં ગઠિયાની શોધખોળ કરી હતી. પરંતુ કોઇ ભાળ મળી ન હતી. અંતે સુરત પહોંચી પતિને વાત કર્યા બાદ રાજકોટ રેલવે પોલીસમાં ચોરીના બનાવ અંગેની ફરિયાદ નોંધાવી છે.

# રાજકોટમાં કેન્દ્રિય મંત્રી પરશોતમ રૂપાલાનું સ્વાગત



## ભાજપ પ્રવકતા રાજુભાઈ ધ્રુવ સહિતના અગ્રણીઓએ ભાવભેર આવકાર્યા

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૨

કેન્દ્રિય કૃષિ મંત્રી પરષોત્તમભાઈ રૂપાલા તાજેતરમાં રાજકોટની મુલાકાતે આવ્યા ત્યારે સર્કિટ હાઉસ ખાતે તેમને સૌરાષ્ટ્ર ભાજપના પ્રવકતા રાજુભાઇ ધ્રુવે સહિતના આગેવાનોએ આવકાર્યા હતા.

કેન્દ્રિય મંત્રી પરષોત્તમભાઈ રૂપાલાની શુભેચ્છા મુલાકાતે રાજુભાઇ ધ્રુવ ઉપરાંત અમેરિકાના સૌથી મોટા ભારતીય અમેરિકન પ્રકાશન જૂથ પરીખ વર્લ્ડવાઇડ મીડિયાના ચેરમેન અને પબ્લિશર તથા પદ્મશ્રી એવોર્ડ પ્રાપ્ત કરનાર ડો.સુધીર પરીખ, ભાજપના ઈન્ટરનેશનલ રિલેશન્સ વિભાગના કો-ઓર્ડિનેટર દિગંતભાઈ સોમપુરા, પૂર્વ કેન્દ્રીય મંત્રી ડો.વલ્લભભાઈ કથીરિયા,પ્રદેશ ભાજપ કન્વીનર માધવભાઈ દવે, ભાજપ અગ્રણી મનીષભાઈ ભટ્ટ, સામાજીક અગ્રણી મિત્તલભાઈ ખેતાણી,અજિતભાઈ ભીમજીયાણી, ક્રીડાભારતીના પીનાકીનભાઈ રાજ્યગુરૂ, યુ.પી. ગાયત્રી પરિવારના અગ્રણી સંજય ચતુર્વેદી તથા પી એ વિવેકભાઈ ભટ્ટ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# ૪૩૩ ફેરીયાઓને બેંકો દ્વારા લોન સહાય મંજુર

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ) રાજકોટ, તા.૨૨: ભારત સરકાર દ્વારા શેરી ફેરિયાઓ માટે PMSVANidhi યોજના મારફત શેરીફેરિયાઓ તેઓની આજીવિકા પુનઃસ્થાપિત કરી શકે તે હેતુથી પ્રથમ તબક્કામાં રૂ.૧૦,૦૦૦ સુધીની વર્કિંગ કેપિટલ લોન સિક્યુરીટી વિના બેંકો મારફત મળવાપાત્ર થાય છે તથા પ્રથમ લોન પૂર્ણ થયેલ લાભાર્થીઓને રૂ.૨૦,૦૦૦ સુધીની વર્કિંગ કેપિટલ લોન સિક્યુરીટી વિના બેંકો મારફત સરળતાથી મળી રહે તે માટે ગત તા.૧૭ તથા ગત તા.૧૮ સુધી લોન મંજુરી માટે મહાનગરપાલિકામાં આવેલ રમેશભાઇ છાયા સભાગૃહમાં કેમ્પનું આયોજન કરવામાં આવેલ. બે દિવસમાં ૪૩૩ શહેરી ફેરીયાઓને બેંકો દ્વારા લોન સહાય મંજુર કરવામાં આવી હતી.

# ભાજપ પ્રદેશ લીગલ સેલના સહકન્વીનર પદે રાજકોટના સિનિયર એડવોકેટ અનિલ દેસાઈની નિમણૂંક



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૨

ભાજપ પ્રદેશ લીગલ સેલના સહકન્વીનર પદે રાજકોટના સિનિયર એડવોકેટ અનિલ દેસાઈની નિમણૂક કરાઈ છે. અગાઉ બાર કાઉન્સિલ ઓફ ઇન્ડિયાના મેમ્બર પદેથી રાજીનામુ ન આપતા દિલીપ પટેલને હટાવી દેવાયા હતા. તેમના સ્થાને અનિલભાઈ દેસાઈને જવાબદારી સોંપાઈ છે.

અનિલભાઈ દેસાઈ રાજકોટના અગ્ર હરોળના એડવોકેટ છે. તેઓ સરકારી વકીલ તરીકે સેવા આપી રહ્યા છે. અનિલભાઈના માર્ગદર્શન હેઠળ રાજકોટ બાર એસો.ની ચૂંટણીમાં જીનિયસ પેનલનો ભવ્ય વિજય થયો હતો.

આજે તેમની ભાજપ પ્રદેશ લીગલ સેલના સહ કન્વીનર પદે નિમણૂંક થયાની જાહેરાત ગુજરાત પ્રદેશ ભાજપ લીગલ સેલના સંયોજક જે.જે. પટેલે કરી છે.

# ગ્રુપ લેન્ડમાર્કે ફોકસકસવેગનની VW કારની ૩૩ હજાર ડિલિવરી કરી વિક્રમ સર્જયો

રાજકોટ, તા.૨૨

આ મહિનાની શરૂઆતમાં ભારતમાં રૂ.૧૧.૨૨ લાખ (એક્સ શોરૂમ)ના ભાવે ઓફર કરાયેલી નવી ફોક્સવેગન વર્ટસની ડિલિવરી ગ્રુપ લેન્ડમાર્કે ભારતમાં ગુજરાત અને દિલ્હી એનસીઆરના ફોક્સવેગન શો-રૂમમાંથી આપવાનો પ્રારંભ કર્યો છે. ગ્રુપ લેન્ડમાર્કે વર્ટર્સની રિટેઈલ મજલની શરૂઆત વર્ટસ સેડાનની ગુજરાત અને દિલ્હી એનસીઆરમાં ૧૬૫ યુનિટની ડિલિવરી આપીને કરી છે. ગ્રુપ લેન્ડમાર્કનો પ્રથમ ફોક્સવેગન શોરૂમ વર્ષ ૨૦૦૮માં શરૂ થયો તે પછી અત્યાર સુધીમાં કુલ ૩૩,૦૦૦થી વધુ VW કારની ડિલિવરી કરીને ગ્રુપ લેન્ડમાર્કની સિધ્ધિઓમાં વધુ એક ઉમેરો કર્યો છે. મેડ ઈન ઈન્ડિયા ફોક્સવેગન સેડાનની આ વર્ષની શરૂઆતમાં જાહેરાત કરવામાં આવી હતી અને ગયા મહિને તેનું પ્રિ-બુકીંગ શરૂ થયું હતું. ફોકસવેગનના જર્મની એન્જીનિયરીંગની મજબૂતી ધરાવતી વર્ટસ MQB A0 IN પ્લેટફોર્મ આધારિત કાર છે અને તેમાં ૯૫ ટકા સ્થાનિક ઉત્પાદનનું સ્તર હાંસલ કરવામાં આવ્યું છે.

ભારતમાં ફોક્સવેગનની નવી વર્ટસ કારની ડિલિવરીના પ્રારંભ પ્રસંગે ગ્રુપ લેન્ડમાર્કના ચેરમેન અને સ્થાપક સંજય ઠક્કરે જણાવ્યું હતું કે, ગ્રુપ લેન્ડમાર્કના વ્યાપક નેટવર્કનું પીઠબળ અને અદ્દભૂત દેખાવની ખાત્રી આપતી ફોક્સવેગનની આ નવી સેડાન ભારતમાં ધૂમ મચાવી ચૂકી છે.

# સૌ.યુનિ.ના કાયમી પરીક્ષા નિયામક તરીકે નિલેશ સોનીની નિમણૂંક

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૨

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કાયમી પરીક્ષા નિયામક તરીકે નિલેશ સોનીની નિમણૂંક કરાઈ. ઈન્ટરવ્યુમાં એક માત્ર નિલેશ સોની જ હાજર રહેતા તેમની નિમણૂંક કરાઈ હતી. કુલપતિ, રાજય સરકારના પ્રતિનિધિ, વિષય નિષ્ણાંતો, સિન્ડિકેટ સભ્યો સહિત ૧૨ લોકોની વરણી સમિતિએ કાયમી પરીક્ષા નિયામક તરીકે નિલેશ સોનીની પસંદગી કરવામાં આવી છે.

**અમારા પત્રકાર બાબતમાં કોઈ ફરિયાદ હોય તો અમને આ નંબર પર જણાવો**
**મો.9429787729**
email:-saurashtrakranti@gmail.com

## સ્વ.આપાભાઈ ગઢવી (કવિ 'આપ') ની ૨૮મી પૂણ્યતિથિ નિમિતે

# કાલે સ્મૃતિ વિશેષ 'સંભારણાં' કાર્યક્રમ

## હેમંત ચૌહાણ, કીર્તિદાન ગઢવી, ધીરૂભાઈ સરવૈયા, અનુભા ગઢવી, પૂનમ ગોંડલિયા, બિરજુ બારોટ



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૨

ગુજરાતના ગામડે ગામડે અને પ્રદેશ-રાજ્યના સીમાડા વળોટી દેશ-પરદેશ જેની કૃતિઓ ગુંજે છે, લોકસાહિત્ય, ચારણીસાહિત્ય, આકાશવાણી, દુરદર્શન, સીનેમા-નાટય, જાહેરલોકમંચ અને સંચાર માધ્યમમાં દ્રશ્ય શ્રાવ્ય અને ધ્વનિમુદ્રિત સાહિત્ય સંગીત ક્ષેત્રે જેનું આગવું અને અનેરું પ્રદાન રહ્યું છે અને જેમના અનેક ગીત, ગઝલ, ભજન, દોહા-છંદ, લોકવાર્તા, સંગીતરૂપક, રેડિયો નાટક, કથા-પટકથા-સંવાદ, સંગીત, સ્વરાંકન આજે પણ લોકોના હૈયે-હોઠે વસે છે એવા સૌરાષ્ટ્રના જાણીતા કવિ, લેખક, ગાયક, વકતા, સ્વરકાર-સંગીતકાર સ્વ. આપાભાઈ ગઢવી (કવિ 'આપ') ની ૨૮ મી પૂણ્યતિથિ તા.૨૩ જૂન ગુરૂવારના રોજ રાત્રે ૮:૩૦ કલાકે, કવિ આપ સ્મૃતિ વિશેષ સંભારણાં કાર્યક્રમ, કવિ આપ પરિવાર દ્વારા યોજાનાર છે. જેને અત્રે સરગમ ક્લબ દ્વારા હેમુ ગઢવી નાટ્યગૃહનો સ્થળ સહયોગ સાંપડેલ છે.

આ કાર્યક્રમમાં હેમંત ચૌહાણ, કીર્તિદાન ગઢવી, ધીરૂભાઈ સરવૈયા, અનુભા ગઢવી, પૂનમ ગોંડલિયા, બિરજુ બારોટ આદિ કલાકાર ગણ શબ્બર ઉસ્તાદ, બાલા ઉસ્તાદ, બળવંત ગોસાઈ, અભય વ્યાસ, શ્યામ-કાનજી પરમાર આદિની સૂરીલી સાઝ સંગતે પ્રસ્તુત થવા જનાર આ વર્ષના કવિ 'આપ' સ્મૃતિ વિશેષ સંભારણાં કાર્યક્રમમાં હાજર રહેવા, સ્વ.કવિના ચાહકો- અભિભાવકો અને પ્રશંસકો ઉપરાંત સર્વે સાહિત્ય અને કલારસિક શ્રોતાગણને જાહેર આમંત્રણ પાઠવાયું છે.

કર્ણાટકના ભૂ. રાજયપાલ વજુભાઈ વાળા, લોકસાહિત્ય પરિવાર-ગાંધીનગરના બાબુભાઈ મેઘજીભાઇ શાહ સહ સૌ સુજ્ઞ સાહિત્ય પરક ઉપસ્થિતિ, સરગમ ક્લબના ગુણવંતભાઈ ડેલાવાળાનું હેમુ ગઢવી નાટ્યગૃહનું સ્થળ સંયોજન અને કવિ આપ પરીવારનું સમગ્ર આયોજન અન્યવેના પ્રસ્તુત કવિ આપ સ્મૃતિ વિશેષ સંભારણાં કાર્યક્રમ અંતર્ગત હેમુ ગઢવી નાટ્યગૃહના નિયત ટાઈમ શેડ્યુઅલ અનુસાર કાર્યક્રમ વ્હેલો શરૂ કરવાનો હોઈ બેઠક વ્યવસ્થા વ્હેલા તે પહેલાના ધોરણે સમયસર સ્થાન મેળવવાનું યાદીમાં જણાવાયું છે.

# ગુજરાત ચુવાળીયા કોળી સમાજ ગુજરાતના પ્રમુખ પદે ધર્મેશ જંજવાડીયા વરણી

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૨



તાજેતરમાં રોજ સુકલ પીપળીયા વેલનાથ ફાર્મ હાઉસ ખાતે ગુજરાત ચુવાળીયા કોળી સમાજ દ્વારા એક મિટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સમાજનો સર્વાંગી વિકાસ સમાજના પડતર પ્રશ્નો જેવા કે કન્યા છાત્રાલય, એન.ટી.ડી.એન.ટી વિશે, તેમજ સમાજને વસ્તી પ્રમાણે રાજકીય પ્રતિનિધિત્વ મળે તે માટે સમગ્ર ગુજરાત પંથકમાંથી દરેક જિલ્લાઓમાંથી દરેક જિલ્લાઓના પ્રતિનિધિઓ સમાજના આગેવાનો સમાજના શુભચિંતકો ચુવાળીયા કોળી સમાજ દ્વારા ચાલતા વિવિધ અલગ અલગ સંગઠનના હોદ્દેદારો તેમજ ખૂબ મોટી સંખ્યામાં સમાજના યુવાનો જોડાયા હતા.

આ તકે ચુવાળીયા કોળી સમાજના વડીલો આગેવાનો તેમજ યુવાનો સૌના એક જ સુરે એક રાગે સમાજના લોકલાડીલા અને ભામાશા એવા આદરણીય ધર્મેશભાઈ મોહનભાઈ જંજવાડીયાને ગુજરાત રાજ્ય ચુવાળીયા કોળી સમાજના પ્રમુખ પદે બિરાજમાન થાય એવી ઇચ્છા વ્યક્ત કરતા ગુજરાતના દરેક જિલ્લાઓ તેમજ આગેવાનો દ્વારા સર્વાનુમતે ધર્મેશભાઈ મોહનભાઈ જંજવાડીયાની ગુજરાત રાજયના ચુવાળીયા કોળી સમાજના પ્રમુખ પદે વરણી કરવામાં આવી હતી. આ તકે દરેક જિલ્લામાંથી તેમજ દરેક સંગઠનના હોદ્દેદારોએ ખૂબ ઉત્સાહથી ઉમંગથી ધર્મેશભાઈ મોહનભાઈ જંજવાડીયાને શુભેચ્છાઓ તેમજ શુભકામનાઓ પાઠવવામાં આવી હતી.

(અનુ.પ્રથમ પાનાનુ ચાલુ)

## મહારાષ્ટ્રના રાજકીય સંકટમાં નવો વળાંકઃ બાગીજૂથ સામે લાલઆંખ

પુનરાગમન આજની સૂચક ઘટના હતી. બાગી ધારાસભ્યો આજે સુરતથી આસામના પાટનગર ગુવાહાટી પહોંચી ગયા હતા. ગુવાહાટીમાં શિવસેનાના તમામ બાગી ધારાસભ્યોને લી મેરેડિયન હોટેલમાં ઉતારો આપવામાં આવ્યો છે. આજે દિવસભર મહારાષ્ટ્રના મામલામાં શું થશે તેની રાજકીય વર્તુળો અને મીડિયામાં ચર્ચા ચાલુ રહી હતી તો બીજી તરફ રાજકીય પક્ષોની બેઠકોનો ધમધમાટ ચાલુ રહ્યો હતો. બપોર પછી કોંગ્રેસના ધારાસભ્યો સાથે કમલનાથે બેઠક કરી હતી. બીજીતરફ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે પણ સાંજે ભાજપના ધારાસભ્યોની બેઠક યોજી છે. આ તમામ ઘટનાક્રમ વચ્ચે કમલનાથ, શરદ પવાર અને ઉધ્ધવ ઠાકરે વચ્ચે પણ બેઠક યોજાઈ હતી અને સંકટમાંથી કેમ બહાર આવવું એ વિશે ચર્ચા- વિચારણા થઇ હતી. શિવસેનાના સાંસદ સંજય રાઉતે એવો દાવો કર્યો હતો કે, બંડખોર જૂથના એકનાથ શિંદે સાથે અમારી વાતચીત ચાલુ છે. રાઉતે વિધાનસભા ભંગની શક્યતાનો પણ સંકેત આપ્યો હતો. તેમણે એવો આક્ષેપ કર્યો હતો કે, ભાજપની મદદ વગર આવો કોઈ બળવો શક્ય બને નહીં પણ શિવસૈનિકો વફાદાર છે. એટલે જરૂર પાછા ફરશે. અત્રે એ ઉલ્લેખનીય છે કે, કોંગ્રેસે જે બેઠક બોલાવી તેમાં ૮ ધારાસભ્યો હાજર રહ્યા ન હતા. જયારે ઉધ્ધવ ઠાકરેએ બોલાવેલી કેબિનેટ બેઠકમાં ૮ મંત્રીઓએ હાજરી આપી ન હતી. આ બેઠકમાં કોરોનાગ્રસ્ત મુખ્યમંત્રીએ વર્ચ્યુઅલ હાજરી આપીને સંબોધન કર્યું હતું અને બાગીજૂથ સામે એક્શન લેવાનો નિણર્ય લેવાયો હતો. આ બેઠકમાં સિનિયર મંત્રી અજીત પવાર, બાલાસાહેબ તોરાટ, અલસમ શેખ, જીતેન્દ્ર બાહ્વાડ જેવા મંત્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. બેઠકમાં મુખ્યમંત્રી ઉધ્ધવ ઠાકરે એવી આડકતરી ચેતવણી આપી હતી કે, એ બધાના સદ્દભાગ્ય છે કે, શિવસૈનિકોને હજુ ગુસ્સો આવ્યો નથી. શિવસેનાના તમામ ધારાસભ્યોની ફરજીયાત બેઠક બોલવવાનો નિર્ણય કેબીનેટમાં લેવાયો હતો. શિવસેનાના તમામ ધારાસભ્યોને વોટ્સએપ અને ઈ-મેઈલ મારફત વ્હીપ જારી કરવામાં આવ્યો છે. સાથે-સાથે ચેતવણી આપવામાં આવી છે કે, આજે સાંજે પાંચ વાગ્યે મળનાર બેઠકમાં બાગી સહિતનાં તમામ ધારાસભ્યોએ ફરજીયાત હાજરી આપવાની છે. જે સભ્ય નહીં આવે તેને વિધાન સભ્યપદેથી હટાવી દેવાનો નિર્ણય લેવાશે. ઉધ્ધવ સરકારે આ રીતે નવો રાજકીય દાવ ખેલ્યો છે અને બાગીજૂથ સામે એક્શન મોડમાં આવીને સ્પષ્ટ સંદેશો આપી દીધો છે કે, શિવસેનાના તમામ ધારાસભ્યો અને અપક્ષ ટેકેદાર સભ્યો મુંબઈ પાછા નહીં ફરે ત્યાં સુધી કોઈ નિર્ણય લેવામાં નહીં આવે. આ રીતે મુંબઈના રાજકીય અફરાતફરીના માહોલમાં એકદમ નવો વળાંક આવ્યો છે. અગાઉ રાજકીય સુત્રોને એવી ધારણા હતી કે, મુખ્યમંત્રી ઠાકરે રાજીનામું આપશે અથવા વિધાનસભા ભંગની ભલામણ કરશે. પરંતુ ઉધ્ધવ ઠાકરે જૂથે નવો રાજકીય દાવ રમવાનું નક્કી કર્યું છે. દરમ્યાન બળવાખોર જૂથના નેતા એકનાથ શિંદેના જૂથમાં પણ ભંગાણ પડ્યું છે અને એક ધારાસભ્ય નીતિન દેશમુખ ઉધ્ધવ ઠાકરેની છાવણીમાં આજે પાછા ફર્યા છે. આજે બાગીજૂથનાં ધારાસભ્યોને ભાજપ શાસિત આસામની રાજધાની ગુવાહાટી લઇ જવાયા છે તો બીજીતરફ શિંદે જૂથે એવો દાવો કર્યો છે કે, અમને અપક્ષ સહિત કુલ ૪૨ ધારાસભ્યોનું સમર્થન છે. જો કે એક ધારાસભ્ય ખરી ગયા છે. નીતિન દેશમુખ સુરતથી છટકીને આજે નાગપુર પહોંચી ગયા હતા અને એવો ગંભીર આક્ષેપ કર્યો હતો કે, મને મારી નાખવાનું ષડ્યંત્ર હતું. સુરત પોલીસ મને બળજબરીથી હોસ્પિટલ લઇ ગઈ હતી અને ધરાર ઇન્જેક્શન આપ્યા હતા. હું ઉધ્ધવ ઠાકરેનો સૈનિક જ છું અને એમની સાથે જ રહીશ. આ રીતે મહારાષ્ટ્રમાં દિવસભર અવનવા રાજકીય વળાંકો આવતા રહ્યા હતા. હવે આજે સાંજની બેઠકમાં કેટલા સભ્યો હાજરી આપે છે અને બાગી સભ્યો આવે છે કે નહીં એ જોવાનું રહેશે. તે પછી ઉધ્ધવ ઠાકરે જૂથ કોઈ મોટો રાજકીય ફેસલો કરે તેવી શક્યતા છે.(૨.૧૨)

## ગુજરાતની શિક્ષણ વ્યવસ્થાથી હાઈકોર્ટ ખુશ

મારફત ચીફ જસ્ટીસની બેન્ચ સમક્ષ રજુ કરવામાં આવ્યું હતું. આથી હાઇકોર્ટે રાજ્ય સરકારની સરાહના કરી હતી. જેની વિગતો કમલભાઈએ શિક્ષણમંત્રીને આપી હતી. હાઈકોર્ટના ચીફ જસ્ટીસે શાળાઓના બિલ્ડીંગ, ટોઇલેટ અને સેનિટેશન સુવિધા, પાણીની વ્યવસ્થા, શિક્ષણનું ગુણવત્તા, શિક્ષણ સુધારાનાં પગલા તેમજ સ્ટુડન્ટ ટીચર્સ રેશિયો તેમજ રમત- ગમત મેદાન જેવી બાબતોને અવલોકનમાં આવરી લીધી હતી અને હાઈકોર્ટે શાળાઓની સ્થિતિ અંગે સકારાત્મક અભિપ્રાય આપ્યો હતો. વાઘાણીએ જણાવ્યું હતું કે, શાળાઓમાં વિદ્યાર્થીઓનો નામાંકન દર ૨૦૦૩-૨૦૦૪ માં ૭૫ ટકા હતો જે હવે ૧૦૦ ટકા થવા આવ્યો છે. ડ્રોપઆઉટનો દર ૧૮.૫ ટકાથી ઘટીને માત્ર ત્રણ ટકા થઇ ગયો છે. દીકરીઓનો ડ્રોપઆઉટ દર ધો.૧ થી ૫ માં ૧૧ ટકાથી ઘટીને માત્ર એક ટકા અને ધો.૬ થી ૮ માં ૨૨ ટકાથી ઘટીને માત્ર ૩.૮ ટકા થઇ ગયો છે. રાજ્ય સરકારે ૨૦૦૧ થી ૨૧ સુધીમાં એક લાખ ૩૭ હજાર નવા ક્લાસરૂમ બનાવ્યા છે. વડી અદાલતે નોંધ લીધી છે કે, સરકારી શાળાના મકાનો બંધાઈ રહ્યા છે. રાજ્યની ૫૪ હજાર પ્રાથમિક અને માધ્યમિક શાળાઓનાં ૪ લાખ શિક્ષકો સવા કરોડ જેટલા વિદ્યાર્થીઓની શૈક્ષણિક ગતિવિધિઓ સંભાળી રહ્યા છે. જેનાથી વિદ્યાર્થીઓનાં શિક્ષણમાં સુધારો થયો છે. શિક્ષણમંત્રીએ ઉમેર્યું હતું કે, મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના દિશાદર્શન મુજબ રાજ્ય સરકાર શિક્ષણના સ્તરને વધુને વધુ ઉંચે લઇ જવા સજ્જ અને કટીબધ્ધ છે.(૨.૧૨)

(અનુ.છેલ્લા પાનાનુ ચાલુ)

## છ માસ પહેલાના મેમાની વસુલાત કરી ન શકાય, લોકોએ ગભરાવાની જરૂર નથી

દ્વારા પીઆઇસી દાખલ થયેલ જેમાં હાઇકોર્ટ દ્વારા કોઇ પણ ઇ-મેમો ટ્રાફીક બાબતે હુકમ કરવામાં આવેલ નથી. તથા તમામ પક્ષકારોને સાંભળવા માત્ર નોટીસ કરેલ છે. તાજેતરમાં લોકોને મેસેજ તથા પ્રિલીગેશન નોટીસ આપવામાં આવેલ છે. જે બાબતે કાયદાની પ્રવર્તમાન પરિસ્થિતિ તથા અદાલતના હુકમ મુજબ છેલ્લા ૬ માસના ઇ-મેમો આવેલ હોય અને તે સંબંધે જો રકમ ભરવામાં ન આવે તો પોલીસ તંત્ર દ્વારા ટ્રાફીક કોર્ટમાં એન.સી.કેસ દાખલ કરવામાં આવશે અને જો વ્યકિત અદાલતમાં ઇચ્છે તો રકમ ભરવાને બદલે એનસી કેસ ઇચ્છે તો રકમ ભરવાને બદલે એનસી કેસ ચલાવી શકશે. કાયદાની જોગવાઇ મુજબ સીઆરપીસી ૪૬૮ મુજબ દંડને પાત્ર કલમોવાળા મેમો ૬ માસથી વધુ સમયનો હોય તો તે વસુલાત પાત્ર નથી તેથી લોકોએ આવા મેસેજ દ્વારા કે નોટીસથી ગભરાવવાની જરૂર નથી તેમ શ્રી નકુમ અને પારેખે જણાવ્યું છે. લોક અદાલતમાં કેસો સમાધાનથી નિકાલ માટે રજુ કરવામાં આવતા હોય છે. જેમાં સમાધાન કરવુ ફરજીયાત નથી અને કોઇ પક્ષકાર ના પાડે તો એનસી કેસ પોલીસ દ્વારા ૬ માસના કિસ્સામાં દાખલ કરવાનો રહે છે અને તે કેસ પક્ષકાર અદાલતમાં કાયદાકીય રીતે લડત પણ આપી શકે છે. લોકોને પોલીસના ઉપરોકત નિર્ણયથી ગભરાવવાની જરૂર નથી તેમ એડવોકેટશ્રી નકુમ અને પારેખે જણાવેલ છે.

## ૧૪૦૦ લિટર ભેળસેળ યુકત દુધનો નાશ કરાયો

મુછાળની પૂછપરછ કરતાં તેઓએ સદરહુ દૂધનો જથ્થો ભેળસેળ યુક્ત હોવાનું સ્વીકાર કરેલ. બાદમાં સદરહુ ભેળસેળયુક્ત દૂધનો જથ્થો બજારમાં વેંચાણ ન થાય તે હેતુથી ફૂડ બિઝનેસ ઓપરેટરની સહમતીથી સદરહુ 'મિક્સ દૂધ (લુઝ)' ના આશરે ૧૪૦૦ લી. જથ્થાને ડમ્પિંગ યાર્ડ ખાતે નાશ કરવામાં આવેલ.

(અનુ.પ્રથમ પાનાનુ ચાલુ)

## દેશના પહેલા આદિવાસી રાષ્ટ્રપતિ બનશે દ્રૌપદી મુર્મુ

મુર્મુ કોણ છે? રાષ્ટ્રપતિ ભવનમાં હવે પછી બિરાજનાર મહિલા આદિવાસી નેતાનો જન્મ ૨૦ જૂન, ૧૯૫૮ નાં રોજ ઓરિસ્સામાં થયો હતો. એમના લગ્ન શ્યામચરણ મુર્મુ સાથે થયા હતા. તેઓ ઓરિસ્સાના મયુરભંજ જિલ્લાના ઉપરબેડા ગામના સંથાલ આદિવાસી પરિવારમાંથી આવે છે. દ્રૌપદીને બે પુત્રો અને એક પુત્રી થયા હતા પણ એમનું અંગત જીવન કરૂણતાથી ભર્યું છે. એમના પતિ અને બંને પુત્રો અકાળે મૃત્યુ પામ્યા હતા. એમણે ૧૯૯૭ માં પોતાની રાજકીય કારકિર્દી શરૂ કરી હતી. અંગત દર્દ અને પીડાને હ્રદયમાં ભંડારી દઈ એમણે જનસેવા શરૂ કરી હતી. તેમણે રાજકારણમાં જોડાયા પહેલા માનદ સહાયક શિક્ષક તરીકે અને સિંચાઈ વિભાગમાં જુનિયર સહાયક તરીકે કામ કર્યું હતું. ૯૭ માં તેઓ પાલિકા સભ્ય અને ભાજપના ઓરિસ્સા એકમનાં અનુસુચિત જનજાતિ મોરચાનાં ઉપપ્રમુખ બન્યા હતા. ૨૦૦૨ થી ૨૦૦૯ અને ૨૦૧૩ માં મયુરભંજ જિલ્લા ભાજપ વડા તરીકે સેવા આપી હતી. તેઓ બે ટર્મ ધારાસભ્ય તરીકે ચૂંટાયા હતા અને નવીન પટનાયક સરકારનાં કેબીનેટમંત્રી પણ હતા. ભાજપ અને બીજું જનતાદળની ગઠબંધન સરકારમાં તેમણે અલગ- અલગ મંત્રાલય સંભાળ્યા હતા. ૨૦૦૭ માં દ્રૌપદી મુર્મુને ઓરિસ્સા વિધાનસભાનાં શ્રેષ્ઠ ધારાસભ્યનો એવોર્ડ અપાયો હતો અને નીલકંઠ પુરસ્કારથી વિભૂષિત કરાયા હતા. તેઓ ઝારખંડનાં પહેલા રાજપાલ પણ બન્યા હતા અને ઝારખંડનાં ગવર્નર તરીકે પાંચ વર્ષ પુરા કરનાર પહેલા રાજ્યપાલ બન્યા હતા. તેઓ દેશના પહેલા આદિવાસી ગવર્નર બન્યા હતા. વડાપ્રધાને એટલે જ વિશ્વાસ પૂર્વક કહ્યું હતું કે, મને પૂરી શ્રધ્ધા છે કે, દ્રૌપદી મુર્મુ આપણા દેશના એક મહાન રાષ્ટ્રપતિ બની રહેશે.(૨.૧૨)

## દક્ષિણ ગુજરાતમાં ૨૪ થી ૨૬ જૂન ભારે વરસાદની આગાહી

વરસાદ થઇ શકે છે. છેલ્લા ૨૪ કલાકમાં ૩૦ જિલ્લા અને તાલુકાઓમાં મધ્યમથી હળવો વરસાદ પડે છે. સૌથી વધુ સાબરકાંઠાનાં વિજયનગરમાં ૪૨ મીમી અને વિરમગામમાં ૨૩ મીમી વરસાદ નોંધાયો છે. જો કે રાજ્યોમાં હજુ સુધી સિઝનનો માત્ર ૪ ટકા વરસાદ થયો છે. ૨૮ જિલ્લાઓ તો સાવ કોરા રહ્યા છે. ગાંધીનગરમાં હવામાન વિભાગની ખાસ બેઠક મળી હતી. જેમાં હવામાન અધિકારીએ જણાવ્યું હતું કે, દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદ થવાની સંભાવના છે. નવસારી અને અન્ય જિલ્લાઓમાં એનડીઆરએફની ટીમોને આગાહી મુજબ મુકવાનું તેમણે સૂચન કર્યું હતું. કૃષિ ખાતાના સુત્રોએ જણાવ્યું છે કે, રાજ્યમાં ૨૦ જૂન સુધીમાં ૧૦, ૨૪, ૪૨૨ લાખ હેક્ટર ખરીફ પાકોનું વાવેતર થયું છે. જે ગયા વર્ષ કરતા ઘણું વધારે છે. સિંચાઈ વિભાગના અધિકારીએ કહ્યું હતું કે, રાજ્યના ૨૦૬ જળાશયોમાં ૧૮૮૨૪૧ એમસીએફટી પાણીનો સંગ્રહ છે. જે કુલ જળસંગ્રહ શક્તિના ૩૩.૭૨ ટકા જેટલો છે. રાજ્યના બે જળાશયો પર વોર્નિંગ છે. રાજ્યનાં ૨૮ જિલ્લાઓમાં વરસાદની ખૂબ જ ઘટ હોવાથી એ વિસ્તારનાં ખેડૂતો ચિંતામાં મુકાયા છે.(૨.૧૨)

## અફઘાનિસ્તાનમાં ભયાનક ભૂકંપ, ૨૦૦ થી વધુના મોત

કાઢવાના પ્રયાસ થઇ રહ્યા છે. મૃત્યુ આંક હજુ વધે તેવી ભીતિ છે. પાકિસ્તાનના પાટનગર ઇસ્લામાબાદ, પેશાવર, રાવલપીંડી, મુલ્તાન, ફૈઝલાબાદ, એબ્ટાબાદ, સ્વાત, મલકાંડી અને ગુનેર વગેરે વિસ્તારોમાં પણ ભૂકંપના જોરદાર આંચકા લાગતા હજારો લોકો ઘરની બહાર નીકળી ગયા હતા. અફઘાનિસ્તાનમાં મોટાભાગની જાનહાની પક્તિયા પ્રાંત અને ખોસ્ત પ્રાંતમાં થઇ છે. હજારો મકાનો તૂટી પડ્યા હોવાના અહેવાલ મળ્યા છે. અફઘાનિસ્તાનમાં અવારનવાર ભૂકંપની આફત સર્જાતી રહે છે. આ વખતે બહુ વિનાશક ધરતીકંપ આવ્યો છે. જેના કારણે જાનમાલની ભારે ખાનાખરાબી થઇ છે.(૨.૧૨)

## સુરતમાં મને મારવાનું ષડયંત્રઃ નીતિન દેશમુખ

સુરતની હોટેલમાંથી નાસીને આજે નાગપુર પહોંચેલા નીતિન દેશમુખે એવા આક્ષેપો કર્યા છે કે, મને સુરત પોલીસના ૧૦૦ થી વધુ કર્મીઓ ધરાર નવી સિવિલ હોસ્પિટલ લઇ ગયા હતા. જ્યાં મને ૨૦ થી ૨૫ લોકોએ પકડી રાખીને ઇન્જેક્શન આપ્યા હતા અને મને હાર્ટએટેક આવ્યો હોવાની અફવા ફેલાવવામાં આવી હતી. બાગીજૂથમાંથી પરત આવેલા નીતિન દેશમુખે સ્પષ્ટ જાહેર કર્યું હતું કે, હું ઉધ્ધવ ઠાકરેનો સૈનિક છું અને એમની સાથે જ રહીશ.(૨.૧૨)

# ઓલ ઈન્ડિયા બાર એક્ઝામની પરીક્ષા પાસ ન કરનાર એડવોકેટને પ્રેક્ટીસ ન કરવા આદેશ

## દર વર્ષે એકથી બે વખત બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયા દ્વારા લેવાતી બાર એક્ઝામની પરીક્ષા પાસ કરવી ફરજીયાત

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨૨

બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયા દ્વારા એપ્રિલ-૨૦૧૦ થી એડવોકેટ એકટની કલમ -૪૯ હેઠળ બાર કાઉન્સિલ ઓફ ઇન્ડિયા ની મળેલ સત્તાની રૂઇએ એવો નિયમ બનાવેલ કે, દેશના કોઇપણ રાજયમાં ગ્રેજયુએશન પછી ત્રણ વર્ષ અને ધો -૧૨ પછી પાંચ વર્ષનો ઇન્ટીગ્રેટેડ એલ.એલ. બી નો અભ્યાસ કર્યા બાદ કોઇપણ સ્ટેટ બાર કાઉન્સિલમાં એડવોકેટ તરીકેની નોંધણી કરાવે ત્યારબાદ તેણે દેશની કોઈપણ અદાલતમાં ધારાશાસ્ત્રી તરીકેની પ્રેકટીસ કરવી હોય તો ઓલ ઇન્ડિયા બાર એકઝામ (A.I.B.E) ની પરીક્ષા પાસ કરવી ફરજીયાત બનાવવામાં આવેલ. પરંતુ સાથો - સાથ બાર કાઉન્સિલ ઓફ ઇન્ડિયા દ્વારા એવો પણ નિર્ણય કરવામાં આવેલ કે કોઇપણ સ્ટેટ બાર કાઉન્સિલમાં નોંધણી કરાવનાર ધારાશાસ્ત્રીએ જો તેમણે નોંધણી કરાવ્યા બાદ કોર્ટમાં પ્રેકટીસ કરવી હોય તો સ્ટેટ બાર કાઉન્સિલમાં અન્ડરટેકીંગ આપીને બે વર્ષ માટે પ્રોવિઝનલ પ્રેકટીસ સર્ટીફીકેટ મેળવીને બે વર્ષ માટે વકીલાત કરી શકે છે પરંતુ આવા પ્રોવિઝનલ પ્રેકટીસ સર્ટીફીકેટ મેળવનાર ધારાશાસ્ત્રીઓ બે વર્ષમાં ઓલ ઇન્ડિયા બાર એકઝામ (A.I.B.E) ની પરીક્ષા પાસ ન કરે તો તેવા ધારાશાસ્ત્રીને કોઇપણ અદાલતમાં વકીલાત કરવાનો હકક રહેતો નથી અને તેવા ધારાશાસ્ત્રી જયા સુધી ઓલ ઇન્ડિયા બાર એકઝામ (A.B.E) ની પરીક્ષા પાસ ન કરે ત્યાં સુધી પ્રેકટીસ કરવા માટે હકકદાર બનતા નથી. બાર કાઉન્સિલ ઓફ ઇન્ડિયા દ્વારા સામાન્ય રીતે દર વર્ષે એક થી બે વખત (A.I.B.E)ની પરીક્ષા સંજોગો અનુસાર લેવામાં આવતી હોપ છે તેમજ અત્યાર સુધીમાં કુલ -૧૬ વખત આ પરીક્ષા લેવામાં આવી છે અને દેશની ૯ ભાષામાં ૨૦ કાયદાઓના વિષયો પર ૧૦૦ માર્કસની પરીક્ષા લેવામાં આવતી હોય છે અને દરેક ધારાશાસ્ત્રીએ તેમા ૪૦ ગુણ મેળવવા ફરજીયાત હોય છે.

બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના એનરોલમેન્ટ કમિટીના ચેરમેન અનિલ સી.કેલ્લા અને કમિટીના સભ્ય દિપેન કે. દવે એ જણાવ્યુ છે કે, ગુજરાતમાં દર વર્ષે આશરે પાંચ હજાર જેટલા ધારાશાસ્ત્રી તરીકેની નોંધણી કરાવનાર તેમજ અને ઓલ ઇન્ડિયા ભાર એકઝામ (A.I.B.E) ની પરીક્ષા પાસ ન કરનાર ધારાશાસ્ત્રીઓ આ પરીક્ષામાં બેસતા હોય છે.

ગુજરાતમાં વડોદરા અને રાજકોટ ખાતે આ પરીક્ષા લેવામાં આવતી હોય છે બાર કાઉન્સિલ ઓફ અમદાવાદ, જેટલા ગુજરાત દ્વારા સને ૨૦૧૦ થી નોંધાયેલ આશરે ૫૦,૦૦૦ (પચાસ હજાર) ધારાશાસ્ત્રીઓએ આ પરીક્ષા આપેલ છે અને જેમા આશરે ૫૦૦૦ (પાંચ હજાર) ઉપરાંતનાં ધારાશાસ્ત્રીઓએ પ્રોવિઝનલ પ્રેકટીસ સર્ટીફીકેટ મેળવ્યા બાદ પણ ઓલ ઇન્ડિયા બાર એકઝામ (A.I.B.E) ની પરીક્ષા પાસ કરી શકેલ નથી.

જેથી તેવા ધારાશાસ્ત્રીઓને ગુજરાત સહિત દેશની કોઇપણ અદાલતમાં વકીલાત કરવાનો હકક કે અધિકાર ન હોઇ આવા ધારાશાસ્ત્રીઓએ ઓલ ઇન્ડિયા બાર એકઝામ (A.I.B.E) ની પરીક્ષા પાસ ન કરે ત્યાં સુધી કોઇપણ અદાલતમાં વકીલ તરીકેની પ્રેકટીસ કરવી નહી તેવો આદેશ આપવામાં આવે છે અને આ નિયમનો ભંગ કરનાર સામે બાર કાઉન્સિલ ઓફ ગુજરાત દ્વારા કડક કાર્યવાહી કરવામાં આવશે તેમ જણાવેલ છે.

# અનિલ દેસાઈની નિમણૂંકને આવકારતા ધારાશાસ્ત્રીઓ



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨૨

ગુજરાત પ્રદેશ ભાજપ ના લીગલ સેલ માં સહ કન્વીનર પદે અનિલભાઈ દેસાઈ ની નિમણૂંક ને આવકારવા કોર્ટ બિલ્ડીંગ માં ભવ્ય ઉત્સાહ નો માહોલ જોવા મળ્યો હતો અને તમામ ક્ષેત્ર ના વકીલો ઉપસ્થિત રહ્યા હતા. જેમાં સિનિયર તથા જુનિયર વકીલો બહોળી સંખ્યામાં હોય પિયુષભાઇ શાહ, કમલેશ શાહ, અર્જુન પટેલ, અજય જોશી, રક્ષિત કલોલા, અશ્વિન મહાલિયા, કિરીટ પાઠક, જયેશ સંઘાણી, રંજનબા રાણા, ચેતનાબેન કાછડીયા, પી સી વ્યાસ, ગિરિરાજસિંહ જાડેજા, યુવરાજસિંહ જાડેજા, ભગીરથ સિંહ ડોડીયા, કમલેશ રાવલ , સંજય બાવીશી, ડી બી બગડા , સંદીપ વેકરીયા, પ્રફુલ વસાણી, કિશાન પટેલ, હિમાંશુ પારેખ , નિવિદ પારેખ, ભારત હિરાણી વગેરે ઉપસ્થિત રહ્યા હતા.



રાજકોટ બારના પ્રમુખ અર્જુન પટેલ અને એમ.એસ.ટી. બારના પ્રમુખ અજય જોષી દ્વારા અનિલભાઈ દેસાઈનું સ્વાગત કરાયું હતું.

રાજકોટ એમએસિટી બાર એસો. દ્વારા ગુજરાત પ્રદેશ ભાજપ લીગલ સેલમાં બારના પૂર્વ પ્રમુખ અનિલભાઈ દેસાઈની સહકન્વીનર તરીકે થયેલી વરણીને ખૂબ જ આવકારી છે.

એમએસીટી બાર એસો.ના પ્રમુખ અજયભાઇ જોષી, ઉપપ્રમુખ, સેક્રેટરી વિશાલ ગોસાઇ, જોઇન્ટ સેક્રેટરી આર.પી.ડોરી, ટ્રેઝરટ ભાવેશ મકવાણા તેમજ કારોબારી સભ્યોએ વરિષ્ઠ ધારાશાસ્ત્રી અનિલભાઇ દેસાઇને પ્રદેશ ભાજપ લીગલ સેલના સહકન્વીનર તરીકે નિમણૂંક બદલ અભિનંદન અને શુભેચ્છા પાઠવ્યા છે.

# ગોંડલ ખાતે કાલે ગંગોત્રી પરિવાર દ્વારા મહારકતદાન કેમ્પનું આયોજન

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

ગોંડલ, તા.૨૨



ગંગોત્રી પરિવાર-ગોંડલ દ્વારા ગંગોત્રી ઇન્ટરનેશનલ સ્કૂલ ના 4th ફાઉન્ડેશન ડે ના પ્રસંગે ગુજરાત કેન્સર રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ (GCRI) ના દર્દીઓના લાભાર્થે સમગ્ર ગુજરાતના કેન્સરનાં દર્દીઓને વિનામૂલ્યે લોહી મળી રહે તેવા આશયથી તા.૨૩ ને ગુરૂવારના રોજ સવારે ૮ થી બપોરે ૩ વાગ્યા સુધી ગંગોત્રી ઇન્ટરનેશનલ સ્કૂલ, ગોંડલ જેતપુર નેશનલ હાઇ-વે ૨૭, જામવાડી, ગોંડલ.ખાતે મહારક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે. આ મહારક્તદાન કેમ્પને સફળ બનાવવા શ્રીમદ્ રાજચંન્દ્ર સેવા ગ્રુપ જેવી ગોંડલ અને જેતપુર શહેરની આસપાસની નામાંકિત ૩૦ જેટલી સામાજિક અને સેવાકીય તથા શૈક્ષણિક સંસ્થાઓ પણ જોડાયેલી છે. ૯૪૨૮૨ ૦૦૬૬૦, ૯૫૧૨૩ ૦૦૩૫૧ પર રજીસ્ટ્રેશન કરાવીને આપનો સમય પણ બચાવી શકો છો. ગંગોત્રી પરિવાર દ્વારા ખુબજ સુંદર અને મોટું આયોજન કરવામાં આવેલ છે. અને રકતદાન કરવા આવનાર રક્તદાતા માટે ચા,પાણી નાસ્તો અને જમવાની પણ વ્યવસ્થા કરવામાં આવેલ છે. તેમજ આ કાર્યક્રમને સફળ બનાવવા ગંગોત્રી સ્કૂલ અને ગંગોત્રી ઇન્ટરનેશનલ સ્કૂલના શિક્ષકો,વિદ્યાર્થીઓ, વાલીઓ અને મેનેજમેન્ટ ટીમ પૂરી જેહમત ઉઠાવી રહ્યા છે.

# બાલભવનમાં ચેસ ટુર્નામેન્ટ





**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨૨

બાલભવન ખાતે બ્રિલીયન્ટ ચેસ કલબ દ્વારા ઓપન સૌરાષ્ટ્ર ચેસ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. જે ઉદ્દઘાટન કોર્પોરેટર નિલેશભાઇ જલુના હસ્તે કરાયું હતું. આ પ્રસંગે વોર્ડ નં.૧૪ ના મહામંત્રી વિપુલભાઇ માખેલા, ચિરાગભાઇ મહેતા (ગ્લોબલ સર્વિસીસ) તથા ડો. નિમીષ પરીખ, માનસુરભાઇ વાળા, તેમજ અન્ય મહાનુભાવો સાથે જોડાય હતા. ટુર્નામેન્ટમાં ૬૬ જેટલા ખેલાડીઓએ ભાગ લીધો હતો તથા કુલ ૬ રાઉન્ડ રમાડવામાં આવ્યા હતા. આ ટુર્નામેન્ટમાં એકથી પાંચ એક પ્રાપ્ત કરનારને રોકડ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા હતા. જેમાં પ્રથમ ક્રમે મન અકબરી, બીજા ક્રમે હર્ષિત ટી.-ઉપલેટા, ત્રીજા ક્રમે ઉદય જી પટેલ, ચોથા ક્રમે દર્શ બી.જોબનપુત્રા, પાંચમાં ક્રમે બ્રિજ દેરાસરી-સુરેન્દ્રનગર જાહેર થયા હતા. ઉપરાંત છ થી પંદરમાં ક્રમમાં આવનાર ખેલાડીઓને ઇન્ટરનેશલ ચેસ કીટ આપીને બિરદાવવામાં આવ્યા હતા ટુર્નામેન્ટમાં સૌરાષ્ટ્રભરના ખેલાડીઓએ ભાગ લીધો હતો.

આ ટુર્નામેન્ટ માટે બ્રિલ્યન્ટ ચેસ કલબ તથા તેમની ટીમે જહેમત ઉઠાવી હતી. મહેશભાઇ ચૌહાણ, કૃણાલભાઇ કે.ભટ્ટી, રાજુભાઇ લાખલાણી, આર્બિટર તરીકે ધવલભાઇ શાહએ સેવા આપી હતી.

## શાળાઓ, સામાજીક સંગઠનો અને વિવિધ સંસ્થાઓ દ્વારા

# 'આંતરરાષ્ટ્રીય યોગ દિવસ' ની હોંશભેર ઉજવણી કરાઈ

### સરસ્વતી વિદ્યાલય શાળા



સરસ્વતી વિદ્યાલય બ્રાહ્મીયાપરા ગોવિંદબાગ ઉપક્રમે 'આઝાદી કા અમૃત મહોત્સવ' થીમ સાથે શાળામાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ, વાલીઓ તથા શિક્ષકોએ ઉજવણીમાં ભાગ લીધેલ શાળાના સંચાલક જે.ડી.ભાખર વિદ્યાર્થીઓને જીવનમાં યોગનું મહત્વ વિશે માહિતી આપેલ.

### ચોટીલા ડુંગર તળેટી



ચોટીલા શહેરીજનો માટે ચોટીલા તાલુકા વહીવટી તંત્ર દ્વારા ચામુંડા માતાજી ડુંગર તળેટીમાં માનવતા માટે યોગ યોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.

### જેતપુર તાલુકાની પ્રાથમિક શાળાઓ



જેતપુર તાલુકાના ચાંપરાજપુર ગામે કન્યા શાળામાં બાળાઓએ વિશ્વ યોગ દિવસને ઉમંગ સાથે ઉજવ્યો હતો.

### સરસ્વતી શિશુમંદિર



વિદ્યાભારતી ગુજરાત પ્રદેશ સંલગ્ન તેમજ સૌરાષ્ટ્ર શિક્ષણ અને સેવાસમાજ ટ્રસ્ટ સંચાલિત પ્રવીણકાકા મણીઆર સંકુલ-સરસ્વતી શિશુમંદિર સંકુલ મારૂતિનગર, રણછોડનગર અને નવા થોરાળાનાં આશરે ૧૦૦૦થી વધુ વિદ્યાર્થીઓ, વાલીઓ, પ્રધાનાચાર્યો, આચાર્યો, ટ્રસ્ટી મંડળ, શૈક્ષણિક સ્ટાફ પરિવારે રાજકોટ મહિલા પોલીસ હેડક્વાર્ટર ગ્રાઉન્ડ ખાતે સામુહિક યોગાભ્યાસ કર્યો હતો.

### જીટીયુ દ્વારા યોગ દિવસની ઉજવણી



ગુજરાત ટેક્નોલોજીકલ યુનિવર્સિટી ( જીટીયુ ) દ્વારા પણ આ વર્ષ યોગ ફોર હ્યુમિનીટીની થીમ પર યોગ દિવસની ઉજવણી જીટીયુ ચાંદખેડા ખાતે કરી હતી.

### જસદણ ઓમકાર શૈક્ષણિક સંકુલ ખાતે વિશ્વ યોગ દિવસની ઉજવણી



જસદણ ઓમકાર શૈક્ષણિક સંકુલ ખાતે વિશ્વ યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

### જેતપુર માર્કેટિંગ યાર્ડ અને જેતલસર



વહીવટી તંત્ર દ્વારા જેતપુર તાલુકા કક્ષાએ પણ માર્કેટિંગ યાર્ડ, જેતપુર શહેરી વિસ્તાર અને જેતલસર હાઇસ્કુલ ખાતે ગ્રામ્ય વિસ્તારના તાલુકા કક્ષાના યોગના કાર્યક્રમો યોજાયા હતા.

### જૂનાગઢ વિભાગના જેતપુર ડેપો




જેતપુર બસ ડેપોમાં યોગ કાર્યક્રમ યોજાયો. જેતપુર ડેપોના કર્મચારીઓ અને અધિકારીઓને યોગ સાધના અંગે માર્ગદર્શક બની યોગનું મહત્વ સમજાવીને યોગાસનો કરાવ્યા હતા.

### કાન્તા સ્ત્રી વિકાસ ગૃહ ગર્લ્સ હાઈસ્કુલ



કાન્તા સ્ત્રી વિકાસ ગૃહ ગર્લ્સ હાઈસ્કુલની ૮૦૦ દિકરીઓએ સામુહિક યોગ, આસન, સૂર્ય નમસ્કાર અને પ્રાણાયમ કરીને વાતાવરણને ઉર્જિત કર્યું હતું. ખાસ કરીને ૭ વર્ષની દીકરી ભક્તિ વેકરીયાએ ભારતીય સંસ્કૃતિના ઋષિ પરંપરાગત યોગની યાદ અપાવતાં અદભૂત યોગાસનો કરીને આકર્ષણનું કેન્દ્ર બની હતી.

### એસજીવીપી ગુરૂકુળ



એસજીવીપી ગુરૂકુળના અધ્યક્ષ શા. માધવપ્રિયદાસજી સ્વામી પ્રેરણા અને પુરાણી બાલકૃષ્ણદાસજી સ્વામીની ઉપસ્થિતિમાં એસજીવીપી ઇન્ટરનેશનલ હોસ્ટેલના વિદ્યાર્થીઓ, દર્શન સંસ્કૃત મહાવિદ્યાલય અને મેમનગર ગુરૂકુળના ૯૦૦ વિદ્યાર્થીઓએ એસજીવીપીના વિશાલ ફુટબોલ મેદાનમાં જુદા-જુદા યોગાસનો કરી યોગદિન ઉજવ્યો હતો.

### સ્વામિનારાયણ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી



સ્વામિનારાયણ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી ભાટ, ગાંધીનગર દ્વારા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ૧૫૦થી વધુ વિદ્યાર્થીઓ તેમજ સંસ્થાના દરેક કર્મચારીએ ભાગ લીધો હતો.

### સરગમ કલબ



સરગમ કલબના ઉપકમે યોગા દિવસ નિમિતે સરગમ લેડીઝ કલબ આયોજીત અલગ અલગ વિસ્તારોમાં સરગમના જીમમાં યોગા કરેલ. ગુણવંતભાઇ ડેલાવાળાના માર્ગદર્શક હેઠળ સરગમ જીમના ટીચર માલાબેન પાઠક, પીયાબેન મુલચંદાણી, યોગીતાબેન રાણપરા, લીનાબેન આજેસરા, કરીનાબેન મોટવાણીએ જહેમત ઉઠાવેલ

## જિલ્લા વહીવટી તંત્ર દ્વારા માંડા ડુંગર પાસે સર્વે નં ૧૧૫ ની સરકારી જમીન પરથી દબાણ હટાવાયું

# ગરીબોના ઝુંપડા હટાવનાર તંત્રને માંડા ડુંગરથી રાંદરડા તળાવ સુધી થયેલ ગેરકાયદે દબાણ ન દેખાયું??



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ તા. ૨૨

જિલ્લા વહીવટી તંત્ર દ્વારા સરકરી જમીનો પરના દબાણ હટાવની કામગીરી વિવિધ સ્થળોએ ચાલી રહી છે. જે પૈકી માંડા ડુંગર પાસે, આજી ડેમ સામે રાજકોટ શહેર મામલતદાર (પૂર્વ) કચેરી દ્વારા આજે સર્વે નં.૧૧૫ પૈકીની સરકારી જમીન પરથી દબાણ દૂર કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ કામગીરી મામલતદાર કે.એલ. ચાવડાના માર્ગદર્શન હેઠળ નાયબ મામલતદાર આર.કે. વાછાણી, તલાટી જયેશભાઈ વાઘેલા, અમૃતાબેન રાવલીયા, વિક્રમભાઈ, બકુતરા, મહેશભાઈ પંડ્યા, પ્રશાંતભાઈ સહિતના સ્ટાફ દ્વારા હાથ ધરવામાં આવી હતી.

શહેરના અનેક વિસ્તારો એવા છે કે જ્યાં નિયમોને નેવે મુકીને બેફામ રીતે કાળો કારોબાર ચાલી રહ્યો છે. તેનો તાજેતરનો નમુનો છે આજીડેમ ચોકડી અને ભાવનગર રોડ વિસ્તારમાં સર્વ નંબર ૧૫૭માં પશુરામ ઇન્સ્ટ્રીઝમ આ જમીન સુચીત હોવા છતાં પણ અહી અનેક કારખાનોઓ ચાલી રહ્યા છે.

કારખાનો મોટે ભાગે જીઆઇડીસીઓમાં આવેલા હોય છે પરંતુ અહીંયા તો જીઆઇડીસી નથી અને જમીન સુચીત છે ઉપરાંત રહેણાંક વિસ્તારમાં કારખાનાઓ ચાલુ છે. અને કારખાને દારોએ છેક રાંદરળા તળાવ સુધી પોતાના દબાણો લંબાવી દીધા હોવા છતા તંત્ર આંખ આડા કાન કરી રહ્યાનો સ્થાનિક રહેવાસીઓ આક્ષેપ કરી રહ્યા છે. ઉપરાંત જે એકપણ નિયમમાં બંધ બેસતુ જ નથી કારખાનેદારોએ કોઇ જાદુની છડી લઇને જાણે મંજુરી લઇ લીધી હોય તેવા દ્રશ્યો સામે આવી રહ્યા છે. ઉપરાંત અનેક કારખાનાઓમાં લોખંડની ભઠ્ઠીઓ ચલાવવામાં આવે છે.

લોખંડ ઓગાળવામાં આવે છે આ પ્રક્રિયાઓમાં અનેક ગણુ પ્રદુષણ ફેલાતું હોવાને કારણે તેને શહેરની બહાર કોઇ જીઆઇડીસીમાં આવા કારખાનાઓ રાખવામાં આવતા હોય છે પરંતુ આજીડેમ ચોકડી અને ભાવનગર રોડ વિસ્તારમાં આવા અનેક કારખાનો ધમધમી રહ્યા છે. તેને કોઇ રોકવાવાળું પણ નથી. ઉપરાંત તમામ કારખાના ધારકો લોખંડ ઓગાળ્યા બાદ વધતો કચરો જે ખૂબ જ હાનીકારક હોય છે તેનો પણ ખુલ્લે આમ ઢગલો કરી દેવામાં આવે છે યોગ્ય નિકાલ કરવામાં આવતો નથી. આ બેફામ રીતે અને કાયદાના ડર વિના ચાલતા કારખાનોઓને શું કોઇ રોકવા વાળુ છે જ નહીં કે શું???

આગામી દિવસોમાં આ કારખાનોઓ વિરૂધ્ધ અને તેને છાવરતા લોકો અને અધિકારીઓ વિરૂધ્ધ ફરિયાદ થઇ શકે તેવા ભણકારા થઇ રહ્યા છે. અમુક લોકો કારાખાનાઓને બંધ કરવા માટે પીટીશીનની તૈયારી કરતા હોય તેવું પણ સૂત્રોમાંથી જાણવા મળ્યું છે. આજીડેમ ચોકડી અને ભાવનગર રોડ વિસ્તારમાં સર્વ નંબર ૧૫૭માં પશુરામ ઇન્સ્ટ્રીઝમાં અનેક કારખાનોઓ ધમધમી રહ્યા છે જેના કારણે તે રહેણાંક વિસ્તારમાં પ્રદુષણ ખૂબ જ મોટા પ્રમાણમાં વધી ગયું છે અને કારખાનોને તાત્કાલીક બંધ કરવા તેના વિરૂધ્ધ યોગ્ય પગલા લેવા જોઇએ તો સ્થાનિક રહીશોમાં શુર ઉઠ્યો છે. ઉપરાંત આજે તંત્ર દ્વારા માંડા ડુંગરમાં ડિમોલીશન કરતા લોકોમાં એ વાત ચર્ચાઇ હતી કે તંત્ર દ્વારા ઝુપડાઓનું ડીમોલીશન કરવામાં આવી રહ્યું છે તો કારખાનેદારોઅ કેટલુંય દબાણ કર્યુ છે તેની તપાસ થઇ કેમ ડીમોલીશન નથી કરવામાં આવતું??

## ધી વરાછા કો. ઓપ. બેંક લિ. સુરત દ્વારા સરાહનીય કામગીરી

# અસંગઠિત ક્ષેત્રમાં કામ કરનાર 3000 વ્યકિતઓને ઇ-શ્રમ લોન



### રૂ.૧ લાખ સુધીની ઈ-શ્રમ લોન ૧૧ ટકા વ્યાજદરે અપાશે

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૨૨

ભારત સરકારના શ્રમ અને રોજગાર મંત્રાલય દ્વારા અસંગઠિત ક્ષેત્રમાં કામ કરનાર વ્યક્તિઓને મદદરૂપ થવાના હેતુથી ઇ-શ્રમ યોજના બહાર પાડવામાં આવી છે. જેમાં ધી વરાછા કો-ઓપ, બેંક લિ. સુરત દ્વારા ખૂબ જ સરાહનીય કામગીરી કરવામાં આવી છે.

સહકારની ભાવના અને સામાજીક ઉત્તરદાયિત્વ નિભાવવામાં અગ્રેસર એવી સુરતની ધી વરાછા કો ઓપ.બેંક દ્વારા નાના રોજગાર કરનાર અસંગઠિત ક્ષેત્રના લોકોને રૂ.૧ લાખ સુધીની ઈ-શ્રમ લોન ૧૧%ના વ્યાજદરે આપવામાં આવી રહી છે, જેમાં રત્નકલાકાર મિત્રો, સાડી પર હેન્ડવર્ક કરનાર મહિલાઓ, કુશળ કારીગરો, વાળંદ, સુથાર, મોચી, દુધની ડેરી, પાન તેમજ કરીયાણાની દુકાન ચલાવનાર સ્વરોજગાર મિત્રોને આ યોજનામાં લાભ મળવાપાત્ર છે. આ સાથે હોસ્પિટલમાં સબ સ્ટાફ અને સ્ટોર્સમાં કામ કરનાર કર્મચારીઓને પણ આ લોન મળી શકશે. બેંકની એ.કે.રોડ શાખા ખાતે માજી મંત્રી કિશોરભાઈ કાનાણી તેમજ ધારાસભ્ય કાંતિભાઈ બલરના હસ્તે ઈ-શ્રમ લોન યોજનાના ચેક લોનધારકને અર્પણ કરવામાં આવ્યા હતા. આમ, બેંકની અલગ-અલગ શાખાઓમાં પ્રતિષ્ઠિત વ્યક્તિઓ અને સમાજ અગ્રણીઓના હસ્તે લોનના ચેક અર્પણ કરીને વધુમાં વધુ લોકો સુધી માહિતી પહોંચે તેવો પ્રયાસ બેંક દ્વારા કરવામાં આવ્યો હતો. વધુમાં બેંકના રોરમેન ભવાનમાઈ નવાપરાએ જણાવ્યું હતું કે, વરાછાબેંક તમામ પ્રકારે લોકોને ઉપયોગી થાય તે ભાવનાથી સામાજીક ઉતરદાયિત્વ નિભાવતી આવી છે. ત્યારે સરકારની આ ઉમદા યોજનામાં પણ આશરે 3000થી વધુ લોકોને ઈ-શ્રમ લોન આપીને તેઓને મદદરૂપ થવાનો સંકલ્પ કરેલ છે. જેથી મહત્તમ અસંગઠિત ક્ષેત્રના લોકોને આ યોજનામાં આવરી લેવામાં આવશે.(૧૩)

## શ્રી જલારામ સેવા મંડળ ટ્રસ્ટ દ્વારા

# અઢી મહિનાથી ચાલતો નિઃ શુલ્ક છાશ વિતરણ કાર્યક્રમ સંપન્ન

### સ્વ.કુંદનબેન રાજાણીની ચાર માસિક પુણ્યતિથિ નિમિતે ૫૦૦ ગરીબ પરિવારોને કેસર કેરીનું વિતરણ



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૨૨

જલારામ સેવા મંડળ ટ્રસ્ટમાં નિ:શુલ્ક છાશ વિતરણ બે થી અઢી મહિના ચાલુ રહ્યું. તેમાં રોજ સવારે નવ થી દસ વાગ્યા સુધી છાશ વિતરણ અને પછી અગિયારથી બે વાગ્યા સુધી રસ્તે આવતા જતા વટેમાર્ગુઓને ઠંડી મસાલાવાળી છાશ પીવરાવામાં આવતી હતી. નિ:શુલ્ક છાશ વિતરણ કેન્દ્રનો સંપૂર્ણ ખર્ચ ચાર લાખ આસપાસ થયો છે. તા.૧૯-૬ના રોજ નિ:શુલ્ક છાશ વિતરણની પુર્ણાવતી કરવામાં આવી છે. જલારામ સેવા મંડળ ટ્રસ્ટના તમામ દાતાઓનો ખૂબ ખૂબ આભાર માનવામાં આવે છે. તા.૧૯-૬ના રોજ સ્વ.કુંદનબેનની ચાર માસિક પુણ્યતિથિ નિમિતે અંદાજે પાંચસો ગરીબ પરીવારોને કચ્છની કેસર કેરીનું વિતરણ કરાયું છે. તેના નિમિતે માત્ર કુંદનબેન રાજાણી રહ્યા છે. આ ઉપરાંત અમારા આશ્રમમાં વૃધ્ધાશ્રમ,અન્નક્ષેત્ર, વાર તહેવારે જુના-નવા કપડા વિતરણ, ચંપલવિતરણ, તહેવાર ઉપર ફરસાણ મિઠાઇ વિતરણ, તેમજ કોઇપણની પુણ્યતિથી નિમિતે મિષ્ઠ ભોજન કરાવીએ છીએ તો દાતાઓને સહકાર આપવા વિનંતી કરીએ છીએ. અમારા આશ્રમના વૃધ્ધાશ્રમમાં પુણ્યતિથિ નિમિતે જમણવાર કરવો હોય તો જલારામ સેવા-મંડળ ટ્રસ્ટનો (મો.૬૩૫૧૦ ૩૧૧૩૩)નો સંપર્ક કરવા યાદીમાં જણાવ્યું છે.(૧૩)

# જલસા ગ્રુપ દ્વારા યોગ દિવસની ઉજવણી



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)** રાજકોટ: જલસા ગ્રુપ દ્વારા વર્લ્ડ યોગ ડેની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. જેમાં પચીસથી પંચોતેર વર્ષના ભાઈઓ બહેનોએ યોગ કર્યા હતા. અત્રે એ ઉલ્લેખનીય છે કે, નિવૃત પોલીસ અધિકારી રામભાઈ ઓડેદરાની રાહબરી હેઠળ શરૂ થયેલ જલસા ગ્રુપમાં દરોજ સવારે છ વાગ્યાથી સાત વાગ્યા સુધી નિ:શુલ્ક યોગ તાલીમ આપવામાં આવે છે. જેમાં યોગ ગુરૂ રામભાઈ ઓડેદરા, જયસુખ ડોબરીયા, જગદીશ રોજમાળા, અને દિપક પટેલ સેવા આપી રહ્યા છે.

# વીરપુરઃ ખાનગી બસની હડફેટે ત્રણ ભેંસોના મોત

### દૂધ વેંચીને ગુજરાન ચલાવતા માલધારી પરીવારમાં ગમગીની





**(કિશન મોરબીયા)**
વીરપુર, તા.૨૨


માલધારીઓ પોતાના પશુઓને લઈને સિમ વિસ્તારમાં ચારો ચરાવવા માટે જતા હોય છે અને મોડી રાતે પાછા ફરતા હોય છે ત્યારે વીરપુરમાં રહેતા માલધારી મયુરભાઈ ભુંડિયા ગત રાતે પોતાની ત્રણ ભેંસોને લઈને ઘરે પરત ફરતા હતા ત્યારે હાઈ-વે પરની સાઈડમાં પશુઓ સાથે ચાલ્યા આવતા હતા ત્યારે રોડ પર એક ખાનગી ટ્રાવેલ્સની બસના ડ્રાઈવરે અચાનક હોર્ન મારતા ભેંસો ભડકી અને બસ ચાલકે ત્રણ ભેંસોને અડફેટે લેતા ત્રણેય ભેંસો ઘટના સ્થળે જ મોતને ભેટી હતી ત્યારે મયુરભાઈએ બસ ચાલકને રોકવા માટે કોશિશ કરી હતી પરંતુ બસ ચાલક બસ લઈને નાશી છૂટયો હતો પરંતુ પાછળ આવી રહેલા વાહન ચાલકોએ તે બસ ચાલકને આગળ જતાં અટકાવ્યો હતો અને બસ ચાલક બસ મૂકીને ભાગી છૂટ્યો હતો.

મયુરભાઈ ભુંડિયાએ જણાવ્યું હતું કે, વર્ષોથી દૂધ વેંચીને પોતાના પરિવારનું ગુજરાન ચલાવે છે. આશરે એક એક લાખ રૂપિયા જેટલી કિંમતની ભેંસોને ખાનગી ટ્રાવેલ્સના બસ ચાલકે અડફેટે લેતા પોતાના પરિવાર પર આભ ફાટયું હતું અને પોતાની રોજીરોટી સમાન ત્રણેય ભેંસોનું વળતર આપવા માંગ કરી હતી.(૧૩)

# માણાવદરમાં કાર્બાઇડ ખાવાથી ૪ ગાયોને ઝેરી અસર







**(ગીરીશ પટેલ દ્વારા)**
માણાવદર, તા.૨૨

માણાવદરમાં કાર્બાઇડ ખાવાથી ૪ ગાયોને ઝેરી અસર થતાં જીવદયા પ્રેમીમાં રોષ ફેલાયો છે. હાલ આ કાર્બાઇડ કેરી કે અન્ય ફળ પકવવા વાપરવામાં આવે છે. જયાં ત્યાં ફેકી દેવાતા રખડતા ઢોર આવા પેક ખાય જતાં કાર્બાઇડની ઝેરી અસર થઇ હોવાનું જીવદયા પ્રેમીઓએ જણાવેલ છે. ગૌરક્ષક ગ્રુપ દ્વારા આવી ઝેરી અસર ગ્રસ્ત ગાયોની સારવાર કરી જીવ બચાવ્યા હતાં જીવદયા પ્રેમીઓએ સમસ્ત નગરજનો-વેપારીઓને અપીલ કરી છે કે, જે કોઇ કાર્બાઇડ વાપરતા હોય તેનો જાહેર ઉકરડામાં ન નાખતાં તેનો યોગ્ય સ્થળે નિકાલ કરો જેથી પશુઓને ઝેરી અસર ન થાય તેની જાહેર જનતા પણ ધ્યાનમાં લેવું.(૧૩)





# બે સિંહ, ત્રણ દીપડાને કોરોના રસીનો બીજો ડોઝ અપાયો

### બે મહિના સુધી મોનીટરીંગ થશેઃ કોઇ આડઅસર નથી

**(એજન્સી સમાચાર)**
અમદાવાદ,તા. ૨૨

સકકરબાગ ઝૂમાં ત્રણ દીપડા તથા બે સિંહને અગાઉ કોરોના રસીનો પ્રથમ ડોઝ અપાયો હતો હવે બીજો ડોઝ પણ અપાયો છે. પાંચેય પ્રાણીઓને રસીની કોઇ આડઅસર નથી. વન વિભાગના અધિકારીઓએ જણાવ્યું હતું કે, પ્રથમ ડોઝના ૨૮ દિવસ બાદ બીજો ડોઝ આપવામાં આવ્યો હતો. જૂનના બીજા સપ્તાહમાં બીજો ડોઝ અપાયા બાદ સતત મોનીટરીંગ કરવામાં આવી રહ્યું છે અને કોઇ આડઅસર જોવા મળી નથી.

ચેન્નઇ ઝૂમાં જૂન-૨૦૨૧માં કોરોનાએ બે સિંહોનો ભોગ લીધા બાદ વન્ય પ્રાણીઓને પણ રસી આપવાનું નક્કી કરાયું હતું અને તે માટે ખાસ ડોઝ વિકસિત કરવામાં આવ્યા હતા. દેશના છ ઝૂમાં વન્ય પ્રાણીઓને કલીનીકલ ટ્રાયલ હેઠળ કોરોના રસીના ડોઝ આપવાનો નિર્ણય લેવાયો હતો.જૂનાગઢ ઉપરાંત દિલ્હી, બેંગ્લોર, નાગપુર, ભોપાલ અને જયપુર ઝૂની પસંદગી કરવામાં આવી હતી. વન વિભાગના અધિકારીઓએ કહ્યું કે, બીજો ડોઝ અપાયા બાદ પ્રાણીઓની એન્ટીબોડી પર બે મહિના સુધી મોનીટરીંગ કરવામાં આવશે. પાંચેય પ્રાણીમાં એન્ટીબોડી વિકસિત થઇ છે અને તાવ કે અન્ય કોઇ આડઅસર નથી. અધિકારીઓએ સ્પષ્ટ કર્યું કે જંગલમાં વિહરતા પ્રાણીઓ માટે સરકારે રસીકરણનો કોઇ નિર્ણય લીધો નથી.(૯)

# રાજકોટના કલાકાર તુલસીદાસ ગોંડલીયાના કાર્યક્રમો કચ્છમાં યોજાયા

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૨૨

રાજકોટના સુપ્રસિધ્ધ લોકમેળા ફેઈમ કલાકાર પત્રકાર લોક સાહિત્ય, હાસ્ય, મીમીકી આર્ટીસ્ટ તુલસીદાસ ગોંડલીયાએ નખત્રાણા તાલુકા મોરઝર ગામે સંતકાયા નિમિતે કલાના કામણ પાથર્યા હતા. આ પ્રસંગે મહંત દિલીપરાજા તથા કાનજી ડાડા સંતકૃપા ઉપસ્થિત રહેલ.

ભચાઉ તાલુકાના જંગી ગામે હનુમાન મંદિર જીર્ણોધ્ધાર મહોત્સવ તથા દયારામ મહંત શ્રીની મૂર્તિની અનાવરણવિધિ નિમિત્તે રાત્રે સંતવાણીમાં માધ્યમિક ધાર્મિક કાર્યક્રમ તેમજ હનુમંત ચરિત્ર રજુ કરેલ. આ પ્રસંગે જંગી મેકરણડાડાના મહંત વેલજી ડાડા તથા કાનજી ડાડા સંતકૃપા ઉપસ્થિત રહેલ હતા. ગોંડલીયાએ માતાના મઢ મુકામે દેશ દેવી માં આશાપુરાના દર્શન કરી માંના આશિષ મેળવેલ હતા.

આ યાત્રાધામોમાં દર્શન કરી જીવંત ધન્ય બનાવેલ હતું. રાજકોટ ખાતેમાં ઉમિયાજી જયંતિ નિમિતે નગરયાત્રામાં કલાકાર પત્રકાર તુલસીદાસ ગોંડલીયાએ માં ઉમીયાને વંદન કરી આશિષ મેળવેલ હતાં. તેમ જણાવ્યું છે.(૧૩)







SAURASHTRA KRANTI (DAILY EVENING) Editor, Printer Publisher & Owner : GADHAVI ASHOK MULUBHA, Place of Publication : SAURASHTRA KRANTI KARYALAYA 125, STAR CHAMBER, HARIHAR CHOWK, PANCHNATH PLOT, RAJKOT-360001,ph.No.(0281) 2222306 Printed at: SAURASHTRA PRINTERY, PRAYAG INDUSTRIES PARK, RUDANAGAR, ANANDPAR (NAVAGAM) DIST. RAJKOT-360003 GUJARAT.

# વોર્ડનં.૧,૯,૧૦માં છેલ્લા બે દિવસથી પાણી વિતરણના ધાંધિયા

## નર્મદાના નીર અને ઈલેક્ટ્રોનિક પ્રોબ્લમ હોવાથી પાણી વિતરણ ખોરવાયાનું વોર્ડ એન્જિનયરનું કથન



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૨૨

રાજકોટમાં એક તરફ પાણીકાપ ન આવે તે માટે સૌની યોજનાથી આજી ડેમમાં પાણી ઠલવાતું હોય છે તો બીજી તરફ જળરાશિની ઉપલબ્ધતા સિવાયના કારણો આગળ ધરીને પાણીકાપ ઝીંકાતો હોય છે. પાણીકાપનો સિલસિલો જારી રાખીને રોજરોજ પાણી આપવાનું વચન ફરી ભંગ થાય તેવી શક્યતા છે. મનપા દ્વારા ઉનાળામાં પણ અનેક વખત પાણી કાપ ઝીંકાયા છે. પરંતુ પાણી કાપ ઝીંકતા શહેરીજનોને સુચના આપી દેવાઇ છે કે પાણીનો કાપ રહેશે પરંતુ તાજેતરમાં વોર્ડનં.૧,૯ અને ૧૦ રૈયા વિસ્તારમાં છેલ્લા બે દિવસથી પાણીના ધાંધીયા સર્જાતા રહેવાસીઓમાં દેકારી બોલી ગયો છે. છેલ્લા લગભગ ત્રણ વર્ષથી ખૂબ સારો વરસાદ થઇ રહ્યો છે. જળાશયો, નદી- તળાવો અને કુવા ઓવરફ્લો થતાં રહ્યા છે. છતાં ઉનાળો આવતા જ પ્રારંભમાં જ શહેરીજનો અને ગ્રામ્યજનોને જળસંકટનો સામનો કરવો પડે છે. આ એક સમસ્યા એવી છે જે શહેરીજનો માટે કોયડારૂપ બની ગઈ છે. શહેરમાં પાણીનો કકળાટ શરૂ થઇ ગયો છે અને રાજકોટ મનપા વોટરવર્કસ શાખાએ એક દિવસ નહીં પુરા બે દિવસ માટે વોર્ડવાઈઝ પાણીકાપ ઝીંકી દીધો હોય તેવી સ્થિતિ સામે આવી છે. જેના કારણે હજારો પરિવારો હેરાન- પરેશાન થઇ ગયા છે.આ રીતે રાજકોટની જનતાએ બે-દિવસીય પાણીકાપ ન હોવા છતાં પણ તેનો સામનો કરવાનો આવ્યો છે. પરિણામે ગૃહિણીઓમાં ભારે દેકારો બોલી ગયો છે.

કોઇ જાહેરાત વિના સતત બે દિવસથી પાણી ન મળતા મહિલોઓમાં રોષ પણ જોવા મળ્યો હતો. અને મહિલાઓએ આક્ષેપ કરતા જણાવ્યું હતું કે, કોઇ તંત્ર દ્વારા જાણ કર્યા વિના પાણી કાપ મુકવાનું કારણ શું સતત બે દિવસથી પાણી ન મળતા હાલત ખૂબ ખરાબ થઇ ગઇ છે. આ અંગે વોર્ડ એન્જિનિયર પાસે માહિતી લેતા તેમને જણાવ્યું હતું કે છેલ્લા બે દિવસથી પાણી નર્મદાનીર અને ઇલેક્ટ્રોનિક પ્રશ્ન હોવાને કારણે પાણી પુરતું મળ્યું નથી. જેના કારણે પાણી વિતરણમાં વિલંબ થઇ રહ્યો છે.

આજે પણ પાણી ન આવવાને કારણે પાણી વિતરણ ઠપ્પ થયું છે અને સમસ્યાનું નિરાકરણ થતાની સાથે જ પાણીનો જથ્થો આપી દેવામાં આવશે.

### લોક અદાલતમાં કેસ થશેના મેસેજથી વાહનચાલકોમાં ફફડાટ, હકીકતને ખુલ્લી પાડતા કાયદાના જાણકારો

# છ માસ પહેલાના મેમોની વસુલાત કરી ન શકાય, લોકોએ ગભરાવાની જરૂર નથી



(તસવીરઃ પંકજ ડાભી)

### કાયદાથી અજાણ લોકો પોલીસના મેસેજથી ફફડી દંડ ભરવા દોડ્યા



### લોક અદાલતમાં સમાધાન થાય છે, કેસો ચલાવી શકાતા નથીઃ મેમોને કાયદાકીય ચેલેન્જ કરી લડત પણ આપી શકાય છેઃ એડવોકેટ નકુમ,પારેખ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા., ૨૨

રાજકોટ શહેરમાં ગઈકાલે ટ્રાફિક એસીપી વી.આર.મલ્હોત્રાએ એક નોટિસ જાહેર કરી હતી. જેમાં ઈ-મેમો બાકી હોય તેવા વાહન ચાલકોને તા.૨૫ જૂન સુધીમાં ઈ-મેમો ભરી દેવા સ્પષ્ટપણે તાકિદ કરવામાં આવી છે કે, જો તેઓ ઈ-મેમોની ભરપાઈ નહીં કરે તો તેની સામે લોક અદાલતમાં કેસ કરવામાં આવનાર હોવાનું પણ જણાવાયું છે. આ નોટિસને પગલે લોકોમાં ફફડાટ ફેલાયો છે અને આજે સવારથી ટ્રાફિક પોલીસ કચેરીની બહાર પેન્ડિંગ ઈ-મેમો ભરવા લોકોની લાંબી કતારો લાગી હતી. નોંધનીય છે કે ઈ-મેમો બાબતે હાઇકોર્ટે પણ રોક લગાવી હતી અને ઇ-મેમો જનરેટ થયાના છ મહિનામાં જો વાહનચાલક દંડ ભરપાઇ ન કરે તો છ મહિનામાં પોલીસ એનસી કેસ દાખલ કરી શકે, અને જૂના ઇ-મેમોના દંડ વસૂલવાનું બંધ કરવા આદેશ કર્યો હતો. છતાં ટ્રાફિક એસીપીએ લોકઅદાલતના મામલે પ્રસિદ્ધ કરેલા મેસેજમાં છ મહિનામાં જનરેટ થયેલા ઇ-મેમો માટે જ તા.૨૫ સુધીમાં દંડ ભરપાઇ કરવો તેવું સ્પષ્ટ નહીં કરતાં વાહનચાલકોમાં ફફડાટ ફેલાઇ ગયો હતો.

નિયમ વિરૂધ્ધ કરેલ નિર્ણયના વિરોધમાં ઇ-મેમા પ્રશ્ને કોર્ટમાં લડત ચલાવી રહેલા એડવોકેટ કિરીટ નકુમ અને હેમાંશુ પારેખે જણાવ્યું છે કે, કાયદાની જોગવાઇ મુજબ છ માસ પહેલાના મેમાની વસુલાત થઇ શકતી ન હોય લોકોએ ગભરાવાની જરૂર નથી. લોકઅદાલતમાં સમાધાનથી કેસોનો નિકાલ કરવામાં આવતો હોય છે. એન.સી.કેસ કરીને સીધો દંડ વસુલ કરી શકતો નથી. લોકોનો કેસ લડવા માંગતા હોય તો પોલીસના મેમાને ચેલેન્જ કરીને કેસ પણ લડી શકે છે.

વધુમાં એડવોકેટ નકુમ અને પારેખે જણાવ્યું છે કે, ગુજરાત હાઇકોર્ટમાં સુરતના સંજય ઇઝાવા

(અનુ.પાના નં.૪ ઉપર)

### નવેમ્બરથી જનરેટ થયેલા ઇ-મેમો માટે આ આદેશ લાગુ કર્તા છેઃ ડીસીપી મીણા



ડીસીપી ઝોન-૧ અને ટ્રાફિક શાખાનો પણ હવાલો સંભાળતા પ્રવીણકુમાર મીણાએ મિડીયાને જણાવ્યું હતું કે, નવેમ્બર મહિનાથી જે વાહનચાલકો સામે ઇ-મેમો જનરેટ થયા છે તેમના માટે જ લોકઅદાલતનું આયોજન થયું છે, જો આ છ મહિનામાં જનરેટ થયેલા ઇ-મેમો મામલે કોઇ વ્યક્તિ તા.૨૫ જૂન સુધીમાં દંડ ભરવા ઇચ્છતા હોય તો તેમણે દંડ ભરી દેવો જોઇએ, અને જો તેઓ તા.૨૬ જૂનની લોકઅદાલતમાં સમાધાન ઇચ્છતા હોય તો તેઓ લોકઅદાલતમાં સમાધાન કરી શકે અને જો લોકઅદાલતમાં પણ આવા વાહનચાલકો જવા ઇચ્છતા ન હોય તો તેની સામે ટ્રાફિક પોલીસ એનસી કેસ કરશે. પરંતુ આ તમામ બાબતો છેલ્લા છ મહિનામાં જેની સામે ઇ-મેમો જનરેટ થયો છે તેમને જ લાગુ પડે છે.

# ૧૪૦૦ લીટર ભેળસેળ યુકત દૂધનો નાશ કરાયો

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૨૨



રાજકોટ મહાનગરપાલિકાની ફૂડ વિભાગને મળેલી માહિતીને લઇને શહેરમાં ભેળસેળ યુકત દૂધ સપ્લાઇ થતું હોવાની માહિતી મળતા શહેરના કોઠારીયા રોડ પર બે દિવસથી વહેલી સવારે વોચ ગોઠવી ડેઝીગ્નેટેડ ઓફિસર એ. એન. પંચાલ, ફૂડ સેફ્ટી ઓફિસર આર. આર. પરમાર, ફૂડ સેફ્ટી ઓફિસર કે. જે. સરવૈયા તથા ટીમ દ્વારા કોઠારીયા મેઇન રોડ, આજીડેમ પોલીસ સ્ટેશન પાસેથી બોલેરો ગાડી વાહન નં. GJ 10 TX 5961 ને અટકાવી પોતાની માલિકીના વાહનમાં દૂધને સપ્લાય કરતાં કારાભાઈ દેવાયતભાઇ મુછાળ (રબારી) (રહેઃ ડોલા તળાવ નેસ, ગામ. અમરાપર, તા. જામજોધપુર, જી. જામનગર) ની પૂછપરછ કરતાં તેઓ છેલ્લા દોઢ માસથી લોઠડા ગામમાં દૂધને સપ્લાય કરવા જતા હોવાનું જણાવેલ તથા હાલ વાહનમાં રહેલ બે ટાંકામાં આશરે ૧૪૦૦ લી. મિક્સ દૂધ (લુઝ) હોવાનું જણાવેલ. ડિપાર્ટમેન્ટ દ્વારા ફૂડ સેફ્ટી ઓન વ્હીલ્સ વાનને સ્થળ પર હાજર રાખી સદરહુ વાહનમાં રહેલ ટાંકામાંથી દૂધના નમૂના મિલ્કોસ્કેન થી તપાસતા સદરહુ દૂધનો જથ્થો ભેળસેળયુક્ત માલૂમ પડતા ફુડ સેફ્ટી સ્ટાન્ડર્ડ એક્ટ-૨૦૦૬ હેઠળ કાયદેસરની કાર્યવાહી કરી સદરહુ જથ્થામાંથી મિક્સ દૂધ (લુઝ) નો નમૂનો લેવામાં આવેલ. વિશેષમાં ફૂડ બિઝનેસ ઓપરેટરશ્રી કારાભાઈ દેવાયતભાઇ

(અનુ.પાના નં.૪ ઉપર)